RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 188, Dt.23-10-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિવાળી ટાણે જ સોનુ-ચાંદી ઓલટાઈમ હાઈ

## રાજકોટ, અમદાવાદ, સુરત સહિતના શહેરોમાં ખરીદીમાં ગત વર્ષ કરતાં ૫૦% ઘટાડો!: સોનાનાં ભાવ સાતમાં આસમાને પહોંચતા પુષ્યનક્ષત્ર-ધનતેરસ માટેના બુકિંગ ઘટયા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિવાળી સમયે સોના-ચાંદીનો ભાવ વિક્રમી સ્તરે પહોંચતા જ્વેલર્સની ચિંતા વધી છે. સામી દિવાળીએ ગોલ્ડ ઓલ ટાઈમ હાઈ છે. વૈશ્વિક બજારમાં ઉદ્ભવેલી સ્થિતિને કારણે સોનાનો ભાવ ઐતિહાસિક સ્તરે છે. તહેવાર ટાણે લોકોએ આ સ્થિતિને કારણે ખરીદી પણ ઓછી કરી દીધી છે. ગત વર્ષની સરખામણીમાં ૫૦% જેટલો ઘટાડો ખરીદીમાં જોવા મળ્યો છે. અત્યારથી જ શો-રૂમમાં ગ્રાહકો દેખાતા નથી. ધનતેરસે જ્વેલરી શો-રૂમમાં ગ્રાહકો મોટી સંખ્યામાં તૂટી પડતા હોય છે, પરંતુ આ વખતે વેપારીઓને ચિંતા છે કે, ગ્રાહકો નહીં દેખાય

તહેવારોની સિઝન ચાલી રહી છે અને સોનાના ભાવ ૮૦,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને વટાવીને સર્વકાલીન ઊંચાઈએ પહોંચ્યા છે, ત્યારે વેચાણની આવક ગયા વર્ષના આંકડાને વટાવી જવાની ધારણા છે. જો કે, સોનાનું વાસ્તવિક વેચાણ ગત દિવાળી કરતાં ઓછું રહેવાની શકયતા છે.

નિષ્ણાતો અનુમાન લગાવે છે કે સોના અને ચાંદીના ભાવમાં તાજેતરના ઉછાળાને કારણે, ચાંદી રૂ. ૧ લાખ પ્રતિ કિલોગ્રામને વટાવી ગઈ છે, બંને ધાતુઓની એકંદર વેચાણ આવકમાં 30% વધારો થવાની



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સંભાવના છે. જો કે, વેચાયેલા સોનાનો જથ્થો લગભગ 30%ઓછો રહેવાની ધારણા છે.

જ્વેલર્સ એસોસિએશન અમદાવાદના પ્રમુખ જીગર સોનીએ આ વલણ પર ટિપ્પણી કરીઃ જ્યારે સોનાના ભાવ વર્તમાન સ્તરે સ્થિર રહેવાની સંભાવના છે, ત્યારે ચાંદીના ભાવ વધુ વધીને રૂ. ૧.૨૫ લાખ પ્રતિ કિલો થઈ શકે છે. ભાવ વધારાનો આ ભય લોકોને ચાંદી ખરીદવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છે.

તેમણે ઉમેર્યુ, કિંમતી ધાતુઓમાં અભૂતપૂર્વ ભાવ વધારાએ મધ્યમ વર્ગને અસર કરી છે, જેના કારણે ઘણા લોકો આગામી લગ્નો માટે તેમના જૂના સોનાને રિસાયકલ કરવા અથવા ધનતેરસ અને પુષ્ય નક્ષત્ર માટે ખરીદેલા સોનાના જથ્થાને ઘટાડવા તરફ દોરી જાય છે.

એક વેપારીએ આ લાગણીનો પડઘો પાડતા કહ્યું છેલ્લા ૮-૧૨ મહિનામાં ઓછામાં ઓછા ૨૫% જેટલો ઉછાળો આવેલ સોનાના વર્તમાન ભાવને ધ્યાનમાં લેતા, તે મધ્યમ વર્ગને બહુ પરવડી શકે તેમ નથી.

તેણે આગળ કહ્યું, તેથી તેઓ લગ્નો અને અન્ય હેતુઓ માટે તેમના જૂના સોનાને રિસાયકલ કરી રહ્યાં છે. આમ કરવાથી, તેઓએ ફક્ત ૧૨-૧૫% મેકિંગ ચાર્જ અને કિંમતમાં તફાવત સહન કરવો પડશે. ગયા વર્ષના ધનતેરસ અને પુષ્ય નક્ષત્રની સરખામણીએ જ્વેલર્સ સોના માટે એડવાન્સ બુકિંગમાં ઘટાડો જોઈ રહ્યા છે. ગયા વર્ષે, અમારી પાસે ધનતેરસ અને પુષ્ય નક્ષત્ર પર સોનાના દાગીના માટે 30-40% એડવાન્સ બુકિંગ હતા. જો કે, આ વર્ષે તેમાં ૧૦%થી વધુનો ઘટાડો થયો છે.

સોના-ચાંદીના ભાવ અત્યારે તહેવાર ટાણે જ આસમાને પહોંચ્યા છે, આગામી દિવસોમાં હિન્દુ કેલેન્ડર અનુસાર નવું વર્ષ તથા તે પૂર્વે પુષ્ય નક્ષત્ર અને ધનતેરસનો તહેવાર આવી રહ્યો છે. જે દરમિયાન ગુજરાતીઓમાં ખાસ સોના-ચાંદીના ઘરેણા અથવા લગડી ખરીદવાનું મહત્વ છે. દિવાળી પૂર્ણ થતાંની સાથે જ લગ્નસરાની સિઝન શરૂ થશે. જેમાં ઘરેણાની ખરીદી વધુ માત્રામાં થતી હોય છે. તે પહેલા જ સોનુ અને ચાંદી અત્યાર સુધીના સૌથી વધુ ભાવ પર રહ્યું છે. એટલે કે સોના-ચાંદીની ચળકટ ભાવને કારણે ઝાંખી પડી હોય તેવી પરિસ્થિતિ સર્જાય છે, પરંતુ તેમ છતાં અમદાવાદીઓ ભાવ વધે તો વધે પણ તહેવાર ટાણે કે લગ્નસરામાં સોનું-ચાંદી તો ખરીદવું જ પડશે, તેવી માનસિકતા સાથે તહેવાર પૂર્વે સોના-ચાંદીના ઘરેણા અને લગડીની ખરીદી કરી રહ્યા છે.

# સેબીના વડા માધબી પુરીને સરકારે આપી કલીનચીટઃ કાંઈ વાંધાજનક ન મળ્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હિતોના ટકરાવ અને નાણાકીય અનિયમિતતા સહિતના આક્ષેપોનો સામનો કરી રહેલા સેબીના અધ્યક્ષ માધબી પુરી બુચને સરકારે તમામ આરોપોમાંથી કલીન ચીટ આપી છે. સરકારે રચેલી તપાસ ટીમે જણાવ્યું હતું કે, સેબીના અધ્યક્ષ વિરુદ્ધ કંઈ જ વાંધાજનક મળ્યું નથી. તપાસમાં બુચને તમામ આક્ષેપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે અને જણાવાયું છે કે, તેઓ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીનો તેમનો કાર્યકાળ પૂર્ણ કરશે.

અમેરિકન શોર્ટ સેલર હિન્ડેનબર્ગ રિસર્ચ તથા કોંગ્રેસ પાર્ટી દ્વારા બુચ વિરુદ્ધ નાણાકીય અનિયમિતતા અને હિતોના ટકરાવના ગંભીર આક્ષેપો કરાયા બાદ સરકાર દ્વારા સેબીના અધ્યક્ષ વિરુદ્ધ તપાસ માટે વિવિધ એજન્સીસને જવાબદારી સોંપાઈ હતી. આ ઉપરાંત નાણાં મંત્રાલયે પણ આ મામલે તપાસ શરૂ કરી હતી. સરકારની તપાસમાં સેબીમાં કામ કરવાના અયોગ્ય માહોલ તથા વેતનની બાકી ચૂકવણી મામલે સેબીના કર્મચારીઓ સાથે વાતચીતને આવરી લેવાઈ હતી. સેબીના ટોચના મેનેજમેન્ટને કર્મચારીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ અભિગમ અપનાવવાનું જણાવાયાં બાદ આ મામલાનો ઉકેલ આવ્યો હતો. તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, બુચ દ્વારા સેબીમાં વ્યાપક સુધારા માટે લેવાયેલા પગલાંનો કેટલાંક કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. આ તમામ પરિબળોને ધ્યાનમાં લેતાં સરકારે નિર્ણય કર્યો હતો કે, બુચ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીનો તેમનો વર્તમાન કાર્યકાળ પૂર્ણ કરશે. હિન્ડેનબર્ગે ઓગસ્ટમાં આક્ષેપ કર્યો હતો કે, સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચે અદાણી જૂથ સાથે સંકળાયેલા ઓફશોર ફંડ્સમાં રોકાણ કર્યું હોવાથી બજાર નિયામક અદાણી અંગેના તેના જાન્યુઆરી, ૨૦૨૩ના રિપોર્ટ પર કાર્યવાહી કરવાની અનિચ્છા ધરાવે છે.

# કાયદો સરળ અને સ્પષ્ટ હશે તો કાનૂની હસ્તક્ષેપ ઘટશેઃ અમિત શાહ

## લોકશાહી માટે કાનુની અસરકારકતા પણ જરૂરીઃ ખરાબ ડ્રાફટીંગથી કાનુની ગુંચવડો અને છટકબારી પણ સર્જાય છેઃ ધારાસભ્યોને માર્ગદર્શન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત વિધાનસભા ખાતે 'લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ તાલીમ શિબિર'ના સમાપન સત્રને મંગળવારે સંબોધતાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે સ્પષ્ટ કહ્યું હતું કે, કાયદાના ડ્રાફ્ટિંગ વખતે તેના ઉદ્દેશોને પૂરેપૂરા ધ્યાનમાં રાખી સુસ્પષ્ટ રીતે તૈયાર કરાશે એટલો ગ્રે એરિયા નહીં રહે.

ગ્રે એરિયા નહીં રહે તો ન્યાયપાલિકાનો હસ્તક્ષેપ નહીં રહે. ગૃહમાં યોજાયેલા સમારોહમાં અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો, વર્તમાન ધારાસભ્યો, સાંસદો, પૂર્વ જનપ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ ત્રણ દશકની સંસદીય કારકિર્દીના અનુભવના નિચોડરૂપે અમિતભાઈએ લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગમાં કેવા પ્રકારની ચીવટ, ઝીણવટભરી બાબતો, સંવાદ અને નિષ્ણાતોના અભિપ્રાયને ધ્યાને લેવો જોઈએ તેમજ કાયદો ઘડનારા જનપ્રતિનિધિઓ એવા ધારાસભ્યો, સાંસદોએ તેની ચર્ચા માટે કેવી મહેનત કરવી જોઈએ તેની વિસ્તૃત અને ઉદાહરણો સાથે સમજ આપી હતી.

શાહે કહ્યું કે, 'લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગની કળા લુપ્ત થશે તો ન કેવળ લોકશાહી, ન કેવળ રાજ્ય કે દેશને જ નહીં, પરંતુ જનતાને સૌથી મોટું નુકસાન થશે. કાયદો બનાવતી વખતે, કાયદો બનાવવાની પ્રક્રિયા સમજ્યા વગર, જો કાયદાનું ડ્રાફ્ટિંગ કરીએ તો કાયદા ક્યારેય તેના ઉદ્દેશો સિદ્ધ ન કરી શકે. રાજકીય સંકલ્પ સાથે સરકારોના કેબિનેટ નિર્ણયોને લેજિસ્લેટિવ ડ્રાફ્ટ વિંગ તેને કાયદાના રૂપમાં ઢાળે છે. એટલે લેજિસ્લેટિવ વિંગની ભૂમિકા સૌથી મહત્વની છે. આજનો ટ્રેનિંગ શિબિર આ પરિપ્રેક્ષ્યમાં સમગ્ર દેશ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે. 'કાયદો લખવાની



પ્રક્રિયા સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે વિકસિત ન હોય ત્યાં સુધી લોકતંત્ર સફળ થવાની સંભાવના નથી,' તેમ કહી સહકારિતા મંત્રીએ ઉમેર્યું કે, લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગની કળામાં સૌથી મહત્વપૂર્ણ ચીજ સ્પષ્ટતા છે. લેજિસ્લેચર જેટલી સ્પષ્ટતા સાથે પોતાના ઉદ્દેશોને કાયદામાં પરિવર્તિત કરે એટલો ગ્રે એરિયા ઓછો થાય અને જેટલો ગ્રે એરિયા - ઓછો થાય, એટલો ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ઓછો થાય. ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ત્યાં જ થાય જ્યાં ગ્રે એરિયા હોય. એની સ્પષ્ટતા ન હોય. એટલે લેજિસ્લેશન બનાવતી વખતે કાયદો સુસ્પષ્ટ બનાવવો જોઈએ.'

# દાના વાવાઝોડું શુક્રવારે વહેલી સવારે ૧૭૫ કિલોમીટરની ઝડપે ત્રાટકશેઃ ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવાનું શરૂ : કોસ્ટ ગાર્ડ હાઈ એલર્ટ પર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઓડિશામાં દાના વાવાઝોડાના ઝડપભેર આવી રહેલા આગમનને કારણે ભારે ગભરાટનો માહોલ છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા એનડીઆરએફ ના ૧૫૦ જવાનો ૨૫ ટન રાહત સામગ્રી સાથે ભુવનેશ્વર પહોંચી ગયા છે.

ઓડિશા અને બંગાળમાં ૧૦ લાખ લોકોનું સ્થળાંતર વીજળીક ઝડપે શરૂ; કોસ્ટ ગાર્ડ હાઈ એલર્ટ પર..

બંગાળની ખાડી પરનું ડિપ્રેશન મંગળવારે સાંજે ડીપ ડિપ્રેશનમાં પરિણમ્યું હતું અને તે તીવ્ર ચક્રવાતી વાવાઝોડું બની શુક્રવારે ૨૫ ઓક્ટોબરની વહેલી સવારે ૧૦૦-૧૧૦ (પ્રતિ કલાક ૧૭૫ કિલોમીટર) માઈલ પ્રતિ કલાકની ભયાનક ઝડપે પવન ફૂંકાવા સાથે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. હવામાન ખાતાના કહેવા પ્રમાણે આ ઝડપ વધીને ૧૨૦ માઈલ પ્રતિ કલાકની થવા પણ સંભાવના છે.

આઈએમડી - ભારતીય હવામાન ખાતાની આગાહી અનુસાર, ઓડિશાના ૧૪ જિલ્લાઓ ચક્રવાત દાનાનો ભોગ બને તેવી શક્યતા છે, જેમાં અંગુલ, પુરી, નયાગઢ, ખોરધા, કટક, જગતસિંહપુર, કેન્દ્રપારા, જાજપુર, ભદ્રક, બાલાસોર, કેઓંઝર, ઢેંકનાલ, ગંજમ અને મયુરભંજ સામેલ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં, દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪



પરગણા અને પૂર્વા મેદિનીપુર, દરિયાકાંઠાના વિસ્તારો અને પડોશી જિલ્લાઓ જેવા કે પશ્ચિમ મેદિનીપુર, બાંકુરા, ઝારગ્રામ અને હુગલીમાં, તોળાઈ રહેલા દાના ચક્રવાતની સૌથી ખરાબ અસર જોવા મળશે.

# અમદાવાદ - વડોદરામાં આવકવેરાના દરોડાથી ફફડાટ

## અમદાવાદમાં ક્રાઉન, ઓલમ્પસ, રોયલ ટચ જેવા લેમીનેટસ ઉત્પાદકો પર દરોડા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત સહિત દેશભરમાં દિવાળીના ઉત્સાહ-ઉમંગ શરૂ થઈ ગયો છે તેવા સમયે જ ઈન્કમટેકસ દ્વારા રાજયમાં દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવતા વેપાર ઉદ્યોગમાં ખળભળાટ સર્જાયો છે. વડોદરામાં બે બિલ્ડર ગ્રુપ તથા અમદાવાદમાં ત્રણ લેમીનેટસ ઉત્પાદકો પર સવારથી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.જુનાગઢમાં પણ તેના કનેકશનમાં તપાસ હોવાની ચર્ચા છે. રાજકોટ સહીત રાજયભરનાં આવકવેરા અધિકારીઓને દરોડામાં સામેલ કરવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગના સુત્રોએ કહ્યું કે આજે સવારથી વડોદરામાં જાણીતા બીલ્ડરો નિલેશ શેઠ તથા શોનક શાહ જુથ પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બિલ્ડર-ભાગીદારોની ઓફીસ, રહેઠાણ, તથા પ્રોજેકટ સાઈટસ સહીત એક ડઝનથી વધુ સ્થળોએ ઓપરેશન હાથ ધરાયું હતું. જુનાગઢમા તેના કનેકશનની માહીતીનાં આધારે ત્યાં પણ બે સ્થળોએ તપાસ શરૂ થયાના સંકેત છે.

વડોદરા ઉપરાંત અમદાવાદમાં પણ સવારથી આવકવેરા વિભાગનો કાફલો ત્રાટકયો હતો ક્રાઉન ડેકોર, ઓલમ્પસ ડેકોર તથા રોયલ ટચ એમ ત્રર લેમીનેટસ ઉત્પાદકોનાં ડઝન જેટલા સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સુત્રોએ કહ્યુ કે બન્ને સ્થળોએ દરોડા ઓપરેશનમાં જંગી માત્રામાં બીનહિસાબી વ્યવહારો ખુલવાની આશંકા છે. મોટી રકમની કરચોરી



પકડાવાની પણ શકયતા છે. બેંકખાતા-લોકરોની પણ ચકાસણી કરવામાં આવી છે.મોટી સંખ્યામાં હિસાબી સાહીત્ય દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે.ગુજરાતમાં લાંબા વખત બાદ આવકવેરા વિભાગ દ્વારા દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. એકસાથે બે ત્રણ શહેરોમાં સંયુકત કાર્યવાહીને પગલે રાજકોટ સહીત રાજયભરમાંથી અધિકારીઓના કાફલાને તેડાવવામાં આવ્યો છે. અંદાજીત ૧૫૦ અધિકારીઓ કાર્યવાહીમાં સામેલ છે. દિવાળીના તહેવારો પૂર્વે જ ઈન્કમટેકસ ત્રાટકતા વેપાર ઉદ્યોગકારોમાં ફફડાટ છે.

# કોરોનાએ હાર્ટએટેકના કેસ 3 ગણા વધારી દીધા

## કોરોના ચાલ્યો ગયો પણ તેની સાઈડ ઈફિકટ હજુ પણ યથાવત

**મુખ્ય સમાચાર,મુંબઈ**

વર્ષ ૨૦૨૦ માં આવેલી કોરોના મહામારીએ પૂરી દુનિયાને ખળભળાવી નાંખી હતી. દેશમાં પણ આ બિમારીએ ગંભીર અસર છોડી હતી. બાદમાં ધીરેધીરે કોરોના અંકુશમાં આવી ગયો હતો. પણ તેની અસરથી થયેલા ઘાવના નિશાન હજુ પણ જોવા મળે છે.

આ નિશાન અનેક સ્વરૂપોમાં બહાર આવતા રહે છે.જાણીતા હાર્ટ એકસપર્ટ અને ફોર્ટીસ એસ્કોર્ટસ હાર્ટ ઈન્સ્ટીટયુટના ચેરમેન ડો.અશોક શેઠનાનું કહેવુ છે કે કોરોના ફેફસાની સાથે સાથે હાર્ટની પણ બીમારી છે. ડો.શેઠે વધુમાં જણાવ્યું હતુ કે કોરોનાએ હાર્ટ એટેકનાં મામલામાં ૨૦૦ થી ૩૦૦ ટકો સુધીનો વધારો કર્યો હતો.

ડો.શેઠે જણાવ્યું હતું કે મે ૨૦૨૦ માં જ કહી દીધુ હતું કે કોરોના હાર્ટની પણ બિમારી છે.ડો.શેઠે કહ્યું હતું કે ચાલતા-ચાલતા કે ડાન્સ કરતા થઈ રહેલી એકાએક મૃત્યુના અનેક કારણો હોઈ શકે છે.પરંતુ તેમાં એક કારણ કોરોના પણ છે.

ઉલ્લેખનીય છે કે, કેટલાંક સમયમાં સાજા નરવા લોકોનું એકાએક હાર્ટએટેક થવાથી મોતના બનાવો વધી ગયા હતા. યુવાનો અને તરૂણો પણ નાની વયે હાર્ટ એટેકનાં ભોગ બન્યા હતા.રમતા રમતા વ્યાયામ કરતાં કરતા મૃત્યુનાં બનાવો



બન્યા હતા તે સમયે એવી ચર્ચા થતી હતી કે એકાએક અને નાની વયે થતી હાર્ટ એટેકની ઘટનાઓ કોરોના રસીની સાઈડ ઈફેકટ છે પરંતુ આવી કોઈ વાત પુરવાર નહોતી થઈ. આજે દુનિયામાં રોગો વધી ગયા હોવાનું મોટુ કારણ માણસની ફીઝીકલ એકિટવીટી-શારીરીક પ્રવૃતિ ઘટવાનું નિષ્ણાંતો માને છે. આ ઉપરાંત ખાન-પાનની ટેવ પણ જવાબદાર છે. અનિયમીત ખોરાક લેવો ફાસ્ટ ફૂડ આરોગવા જેવી આદતોએ પણ રોગોને વકરાવવામાં ભુમિકા ભજવી છે.વ્યાયામનો સદંતર અભાવે પણ હાર્ટ સહીતનાં રોગોને વકરાવ્યા છે. ઘણા લોકો વોકીંગ કરે છે, પણ તે ટહેલવા જેવુ હોય તો તેનુ પરીણામ આવતુ નથી.

# ગુજરાતમાં બાળ જન્મદરમાં સાત ટકાનો ઘટાડો : રાજકોટમાં ૨૬ ટકા ઘટ

## રાજયમાં આવતા ૧૨ વર્ષમાં વૃદ્ધોની વસ્તી ૧૦.૨ ટકાથી વધીને ૧૫.૪ ટકાએ પહોંચવાનો અંદાજ

**મુખ્ય સમાચાર,જબલપુર**

હમ દો હમારે દોની માનસીકતા બદલીને વધુ બાળકો પેદા કરવા તામીલનાડુ અને આંધ્રપ્રદેશમાંથી સુર ઉઠવાનું શરૂ થયુ છે. ત્યારે ગુજરાતમાં પણ છેલ્લા એક દાયકામાં જન્મદરમાં સાત ટકાનો મોટો ઘટાડો હોવાનું અને આવતા ૧૨ વર્ષોમાં વૃદ્ધોની સંખ્યા વધી જવાનું જાહેર થયુ છે.

જન્મદર ઘટાડો તથા વૃદ્ધોની સંખ્યામાં વધારો રાષ્ટ્રવ્યાપી છે પરંતુ તામીલનાડુ તથા આંધ્રપ્રદેશ જેવા રાજ્યોની સરકારોએ વિકાસદર જેવા કારણોને આગળ ધરીને વધુ સંતાનો પેદા કરવાનું આહવાન કરતાં આ મુદો ચર્ચામાં આવ્યો છે. ગુજરાતની વસ્તીનાં આંકડા પરથી એવો સંકેત ઉઠે છે કે રાજયમાં ૨૦૨૧ માં ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા વૃદ્ધોની સંખ્યા ૧૦.૪ ટકા હતી તે ૨૦૩૬ માં ૧૫.૪ ટકા થઈ શકે છે.જયારે સમગ્ર દેશમાં આ દર ૧૦.૧ ટકાથી વધીને ૧૫ ટકા થશે. આમ ગુજરાતમાં વૃધ્ધોની વસતી દેશની સરેરાશ કરતા વધુ થઈ શકે છે. યુનાઈટેડ નેશન્સ-પોપ્યુલેશન ફંડના ૨૦૨૩ ના રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ભારતમાં ૧૦૦ બાળકો હવે વયસ્કોની સરેરાશ ૩૯.૩ છે. જયારે ગુજરાત-મહારાષ્ટ્ર જેવા પશ્ચિમી રાજયોમાં આ પ્રતિ ૧૦૦ એ ૪૯ છે.રાજય સરકારનાં વસતી રેકર્ડ પરથી એવુ સુચવાય છે કે ૨૦૦૩ માં ગુજરાતમાં ૧૦.૯૭ લાખ બાળકોનો જન્મ થયો હતો. ૨૦૧૩ માં તે ૧૫ ટકા વધીને ૧૨.૬૬ લાખ



હતો પરંતુ ત્યારપછીનાં કાયદામાં ઘટાડો થયો છે.૨૦૨૩ માં ૧૧.૭૬ લાખ બાળકોનો જન્મ થયો હતો જે દાયકામાં સાત ટકાનો ઘટાડો સુચવે છે.અમદાવાદ જેવા મહાનગરોમાં જન્મદર ઘટાડો ૨૨ ટકા જેવો મોટો હતો. સૌથી વધુ ૩૩ ટકાનો ઘટાડો વડોદરા જીલ્લામાં હતો જયારે રાજકોટ જીલ્લામાં છેલ્લા દાયકામાં જન્મ દરમાં ૨૬ ટકાનો ઘટાડો છે. અમદાવાદ જીલ્લામાં ૨૦૧૩ માં ૧.૪૩ લાખ બાળકોનો જન્મ થયો હતો તે સંખ્યા ૧.૨૬ લાખ થઈ હતી. રાજકોટ જીલ્લામાં ૨૦૧૩ માં ૦.૮૫ લાખ બાળકોનો જન્મ થયો હતો તે સંખ્યા ૨૦૨૩ માં ૦.૬૩ લાખ હતી. વડોદરામાં ૦.૭૩ લાખ સામે ૦.૪૦ લાખ હતી. જોકે આ ગાળામાં સુરતમાં બાળ જન્મદરમાં ૧ ટકાનો વધારો હતો. રાજય સરકારનાં સુત્રોએ કહ્યું કે અન્ય રાજયોની જેમ ગુજરાતમાં વસ્તી વિશે ચકાસણી કરવાની કોઈ યોજના નથી. અર્થશાસ્ત્રીએ એવો દાવો કર્યો હતો કે ગુજરાતનું અર્થતંત્ર મજબુત છે અને મહારાષ્ટ્ર જેવા ઔદ્યોગીક રાષ્ટ્રની સમકક્ષ છે.વસતીમાં વધારા-ઘટાડા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. થોડા વર્ષો પૂર્વે ભવિષ્યની નાણાકીય સલામતીને કેન્દ્રમાં રાખીને લોકો વધુ સંતાનો પેદા કરતા હોય છે.

# ATMમાંથી ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

## મશીનમાં છેડછાડ કરી ગ્રાહકોના પૈસા ચોરી લેતા હતા, જામનગરની LCB ટીમે ૫૦થી વધુ ગુનાનો ભેદ ઉકેલી ત્રણને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર,જામનગર**

ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ સહિત રાજ્યમાં અલગ અલગ જિલ્લામાં એટીએમમાં છેડછાડ કરીને ૫૦થી વધુ ચોરીને અંજામ આપનાર ગેંગને જામનગર એલસીબી દ્વારા પકડવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જામનગરના સેક્શન રોડ અને ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલા એટીએમમાં છેડછાડ કરીને ખાતામાંથી રોકડ રકમને તફડાવી લેવાની ફરિયાદો દાખલ થઈ હતી, ત્યારબાદ એલસીબીની ટુકડીએ સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરીને આંતરરાજ્ય ગેંગને પકડી પાડી છે. આ શખ્સો સામે ગેંગ કેસ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

છેલ્લા થોડા સમયથી એટીએમ મશીનમાં છેડછાડ કરીને રૂપિયા કાઢી લેતા હોવાના બનાવો સામે આવતા એસપી પ્રેમસુખ ડેલુ, ઈન્ચાર્જ એસપી વી.કે. પંડયાના માર્ગદર્શન હેઠળ, એલસીબી પીઆઈ અને સ્ટાફ દ્વારા આ દિશામાં સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન એલસીબીને બાતમી મળેલી કે એટીએમના કેશ ડિસ્પેન્સરમાં છેડછાડ કરીને રૂપિયા ચોરી કરી ગેંગના ત્રણ ઈસમો સંગઠીત ટોળકી બનાવીને સેલ્ટોસ કાર નં. જીજે૧૮બીએમ-૬૮૬૯ લઈને શહેરના પંચવટી કોલેજના ખુણા પાસે ગોલ્ડન ક્રાઉન હોટલ પાસેના રોડ પર આવેલા છે અને અહીં એટીએમમાંથી પૈસા કાઢવાની તૈયારી કરવા આંટાફેરા કરે છે.

જેથી આ બાતમીના આધારે ત્યાં દોડી જઈ રાજસ્થાન બીકાનેરના ડુંગરગઢ તાલુકાના કલ્યાણસર ગામના પુનમખાન ડયાલખાન માલીયા, કલ્યાણસરના રામપ્રકાશ રામકરણ ગોદારા, રાજસ્થાનના બાડમેર ગામના ગૌરીશંકર ગીરધરલાલ સુથારને પકડી લીધા હતા. તપાસમાં ધાનેરા ગામના હરમનરામ નથુરામ ભાકરની સંડોવણી ખુલી હતી, જેની તપાસ જામનગર એલસીબી દ્વારા ચાલુ છે. પોલીસ તપાસમાં એલસીબીએ ૪૭,૫૦૦ની રોકડ, સેલ્ટોસ કાર, ડીસમીસ, સેલોટેપ, કટર, ફેવિક્વિક, પીવીસી પટ્ટીઓ, એટીએમ કાર્ડ, ૩ મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓ દ્વારા અલગ અલગ જિલ્લાના ૫૦થી વધુ એટીએમ મશીનમાં છેડછાડ કરીને આશરે સાડા ચાર લાખથી વધુની રકમ ચોરી કર્યાનું તપાસમાં ખુલ્યુ છે. આરોપી ગૌરીશંકર બારડોલી અને નવસારીમાં બે ગુનામાં સંડોવાયેલો છે અને એ ગુન્હામાં જેલવાસ ભોગવી ફરી આવા ગુન્હાને અંજામ આપતા પોલીસના સકંજામાં આવી ગયો છે.

આ ટોળકી ભેગા મળી કોઈ એટીએમને ટાર્ગેટ કરે પછી એટીએમના કેશ ડિસ્પેન્સર પર તેના માપની અને તેને મળતી કલરની પ્લાસ્ટીકની પટ્ટી ફેવિક્વિક વડે ચોંટાડી દેતા અને કોઈ એટીએમ ધારક અઝખમાં



રૂપિયા ઉપાડવા કાર્ડ નાખતા અને રૂપિયા કેશ ડીસ્પેન્સરમાંથી બહાર ન નીકળતા, કંટાળીને અઝખ ધારક એટીએમમાંથી બહાર નીકળી જાય પછી આરોપીઓ એટીએમમાં જઈને પોતે લગાવેલી પ્લાસ્ટીકની પટ્ટી ઉખેડી કેશ ડિસ્પેન્સરમાંથી રૂપિયા લઈને ચોરી કરી જતા હતા. આ ગેંગના ત્રણેય આરોપીઓ પ્લેન મારફતે અન્ય રાજ્યમાં અઝખમાં ચોરી કરવા જતા હતા.

# ગુમ થયેલ બે બાળાઓને ગણતરીના કલાકોમાં શોધી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું



ટંકારા પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. જેમાં ટંકારા પંથકમાંથી ગુમ થયેલ બે બાળાઓને શોધી લઈ પરિવારને સોંપવામાં આવી હતી. બંને બાળાઓના નિવેદનમાં અન્ય સ્થળે કામકાજ અંતર્ગત પરિવારને જાણ કર્યા વગર ચાલી ગયેલ હોય તેમ જણાવ્યું હતું. હાલ બે બાળા કે જેમાં એક બાળા સગીર હોય તેને ટંકારા પોલીસ ટીમ દ્વારા ગણતરીની કલાકોમાં શોધી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર ટંકારા તાલુકા પંથકમાંથી બે બાળાઓ કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગયેલ હોવાની પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવેલ હોય, જેમા બાળા સગીર વયની હતી. જેથી સગીરવયની બાળાને લગતી બાબતને ધ્યાને લઈ બંને બાળાઓને શોધવા ટંકારા પોલીસ મથક પીઆઈ વાય.કે.ગોહિલ દ્વારા અંગતલક્ષ આપી અલગ અલગ ટીમ બનાવી, સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરાવી તેમજ ટેકનીકલ અને હ્યુમન સોર્સની મદદ લઈ સગીરવયની બાળા સાથે બન્ને બાળાઓને જામનગર જીલ્લાના ફલ્લા ગામ પાસે આવેલ સુપર સ્પીન ટેક્ષ્ટાઈલ કારખાનામાંથી શોધી કાઢી બન્નેનુ મહિલા સામાજીક આગેવાન તથા મહિલા પોલીસ કર્મચારીની હાજરીમાં વિગતવારનુ નિવેદન લેવામાં આવ્યું હતું. જે નિવેદનમાં તેઓએ જણાવેલ કે બીજે કામકાજની શોધમા ઘરના કોઈ સભ્યોને જાણ કર્યા વગર જાતેથી ચાલ્યા ગયેલ હોવાનુ જણાવેલ. જેથી મળી આવેલ બન્ને બાળાઓને ટંકારા પોલીસ સ્ટેશન ખાતે લાવી તેમના વાલી વારસને સોપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મોરબીમાં અપમૃત્યુના અલગ અલગ ત્રણ બનાવમાં ૧૭ વર્ષીય સગીર સહિત ત્રણના મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ વિવિધ પોલીસ મથકમાં નોંધાવવામાં આવ્યા છે, જેમાં એક સગીર તથા ૧૮ વર્ષીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી જ્યારે ત્રીજા બનાવમાં પત્ની સાથે બોલાચાલી થયાનું લાગી આવતા પતિએ ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રથમ અપમૃત્યુના બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ સો ઓરડીમાં ભુવનેશ્વરી પાર્ક ખાતે રહેતા મૂળ સુરેન્દ્રનગરમાં નુરેમિલાદે સોસાયટીમાં રહેતા ફિરોજભાઈ ઈસાભાઈ બાબરીયા ઉવ.૩૪ને તેની પત્ની સાથે કોઈ બાબતે બોલાચાલી થતા જે બાબતે ફિરોજભાઈને મનોમન લાગી આવતા પોતે પોતાની જાતે ઘરે છતમા પંખા સાથે ચુદડી બાધીને ગળેફાસો ખાઈ લેતા ફિરોજભાઈનું મૃત્યુ નિલજ્યું હતું, ત્યારે મૃત્યુના બનાવ અંગે અકબરભાઈ સાગણભાઈ મોવર પાસેથી મળેલ પ્રાથમિક વિગતો આધારે બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં માળીયા(મી) તાલુકાના મોટાભેલા ગામે રહેતા પીયૂષભાઈ નાથાભાઈ ખાંભલીયા ઉવ.૧૭ નામનો સગીર ગઈકાલ તા.૨૨/૧૦ના રોજ સાંજે ગામા આવેલ તળાવમાં ન્હાવા માટે ગયો હતો ત્યારે કોઈ કારણોસર તળાવના પાણીમાં ડૂબી જતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું જેથી તેને સારવાર અર્થે માળીયા(મી) સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા હાજર ડોક્ટરે જોઈ તપાસી પીયૂષભાઈને મૃત જાહેર કર્યા હતા. ત્યારે પોલીસે મૃત્યુના બનાવ અંગે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

આ ઉપરાંત ત્રીજા અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ માળીયા(મી) તાલુકાના જસાપર ગામે રહેતા મૂળ મહારાષ્ટ્ર રાજ્યના કોલદેગામના પરપ્રાંતિય ૧૮ વર્ષીય યુવક વિષ્ણુભાઈ રવિન્દ્રભાઈ ભીલ ગઈકાલે બપોરના અરસામાં જસાપર ગામના તળાવમાં ન્હાવા માટે ગયો હોય ત્યારે પાણીમાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું હતું ત્યારે વિષ્ણુભાઈને માળીયા(મી) સરકારી હોસ્પિટલમાં લાવતા જ્યાં માળીયા(મી) પોલીસે અકાળે મોતને ભેટેલા યુવકના મૃત્યુ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરના પાડધરા ગામે જુના ઝઘડાનો ખાર રાખી ખાણ સંચાલક ઉપર આઠ શખ્સોએ ઘાતકી હુમલો કરી હત્યા નિપજાવી

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકાના પાડધરા ગામની ચોકડી પાસે ખાણ સંચાલક યુવક ઉપર જુના ઝઘડાનો ખાર રાખી આઠ શખ્સો દ્વારા બે ફોરવ્હીલ ગાડીમાં આવી ધોકા-પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો જેમાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું, બનાવ અંગે મૃતક યુવકના ભાઈ દ્વારા પાંચ શખ્સો સામે નામજોગ તથા ત્રણ અજાણ્યા વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓ સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ દેવભૂમિ દ્વારકાના કાટકોલા ગામના વતની હાલ રાજકોટના કુવાડવા ગામ ખોડીયારપાર્કમાં રહેતા કરશનભાઈ નગાભાઈ કરમુર ઉવ.૪૩ કે જેઓ ટ્રાન્સપોર્ટ તથા ખાણના પથ્થરનો વેપાર કરતા હોય જેઓએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપીઓ (૧)આકાશ ઉર્ફે આખલો ઓડેદરા, (૨)વેજો કારાવદરા, (૩)જયમલ કારાવદરા, (૪)ભરત ઓડેદરા, (૫)રામભાઈ મેર બોખીરા તથા અજયા ત્રણ માણસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે કરશનભાઈ તથા વાંકાનેર ભાટીયા સોસાયટીમાં રહેતા સામંતભાઈ નગાભાઈ કરમુર ઉવ.૪૦ને ઉપરોક્ત આરોપીઓ સાથે ખાણ બાબતે તથા રસ્તા બાબતે છેલ્લા ચાર-પાંચ વર્ષથી મનદુઃખ ચાલતુ હોય તેના લીધે ઘણીવાર મનદુઃખ થયેલ હોય જેનો ખાર રાખી ગત તા.૨૧/૧૦ના રોજ ફરિયાદી કરશનભાઈ ભાઈ સામંતભાઈ પોતાની પથ્થરની ખાણથી પરત આવતા હોય ત્યારે પાડધરા ગામની ચોકડી પાસે પહોંચય હોય ત્યારે ઉપરોક્ત તમામ આરોપીઓ ધોકા, પાઈપ જેવા પ્રાણઘાતક હથિયાર ધારણ કરી બે



ફોરવ્હીલ કારમાં આવી સામંતભાઈને રોકી તેમને ભુંડી ગાળો આપી લાકડાના ધોકા, પાઈપથી સામંતભાઈને શરીરે આડેધડ માર મારી સ્થળ ઉપરથી નાસી ગયા હોય ત્યારે સામંતભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હોય જ્યાં શરીરે ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન સામંતભાઈનું મૃત્યુ નીપજ્યું હોય જેથી બનાવ હત્યામાં પલટાયો હતો, ત્યારે સમગ્ર બનાવ અને મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે તમામ આરોપીઓ સામે બીએનએસની કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હળવદ તાલુકાના બે ગામમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો,બે આરોપીઓને દબોચી લેવાયા

## હળવદ પોલીસે ચોરીમાં ગયેલ મુદ્દામાલ આરોપીઓ પાસેથી પરત મેળવ્યો



હળવદ પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે ઘરફોડ ચોરીના નોંધાયેલ બે અલગ અલગ બનાવમાં સંડોવાયેલ બે આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા, જેમાં છ માસ પહેલા તાલુકાના સુસવાવ ગામની સીમમાં તથા હળવદ વિશ્વાપાર્ક સોસાયટીમાં થયેલ બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બંને આરોપીઓને પકડી લઈ ચોરી કરેલ મુદામાલ પરત મેળવી બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી હતી. હળવદ પંથકમાં થયેલ ઘરફોડ ચોરીના બનાવમાં આરોપીઓને શોધવા મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કામગીરી કરવા સુચના કરેલ હોય. જે અનુસંધાને હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીની વોચમાં રહી આરોપીને શોધી કાઢવા માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને હળવદ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય દરમ્યાન એએસઆઈ એ.એન.સિસોદીયા તથા કોન્સ.ગંભીરસિંહ વાઘજીભાઈ ચૌહાણને મળેલ બાતમી આધારે ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ બે આરોપી શનીભાઈ ગણેશભાઈ રાઠોડ તેમજ આરોપી પ્રવિણભાઈ ઉર્ફે સુખો રમેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ રાઠોડ બંને રહે.હળવદ માળીયા રોડ હળવદ બાયપાસ ઈન્ડિયન પેટ્રોલ પંપની પાછળ પડતર જમીનના છાપરામાં વાળાને પકડી લઈ બંને આરોપીઓએ ચોરી કરેલ એક સોનાનો ઢાળીયો આશરે ૩૬.૯૨૫ ગ્રામ તથા એક ચાંદિનો ઢાળીયો આશરે ૮૫ ગ્રામનો મુદ્દામાલ પરત મેળવી કુલ બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટ્રકમાં ભરી કતલખાને લઈ જવાતા ૮૫ પાડાઓને ટંકારા પોલીસે બચાવ્યા,ટ્રક ચાલક આરોપીની અટક



મોરબી તરફથી ટંકારા બાજુ ટ્રકમાં અબોલ જીવોને ભરીને કતલખાને લઈ જવાતા હોવાની મોરબી ગૌરક્ષકો દ્વારા મળેલ પૂર્વ બાતમીને આધારે ટંકારા પોલીસે ઉપરોક્ત ટ્રકને રોકવા રોડ ઉપર બેરીકેડ લગાવી ટ્રકને રોકી ટ્રકમાં ભરેલ ૮૫ પાડાઓને કતલખાને લઈ જવાતા બચાવી લેવામાં આવ્યા છે, આ સાથે ટ્રક ચાલક આરોપીની અટકાયત કરી તેની વિરુદ્ધ પશુપ્રત્યે ઘાતકીપણા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ટંકારા પોલીસ સ્ટેશનના કર્મચારીઓને મોરબી જીવદયા પ્રેમીનાઓનો ફોન કોલ આવેલ કે એક પાડા ભરેલ ટ્રક શનાળા ચોકડી ખાતે ઉભો રખાવતા ઉભો ન રાખી ટંકારા તરફ નાસવા લાગેલ છે. જેથી ટંકારા પોલીસ સ્ટફના કર્મચારીઓએ ઉપરોક્ત ટ્રકને રોડ પર ટ્રાફીક જામ કરાવી અટકાવેલ. જે ટ્રકમા જોતા ભેંસના ૮૫ નંગ પાડાઓ ભરેલ જોવામા આવેલ. જેથી ટ્રક ચાલક આરોપી દીલાવર અબ્દુલ પઠાણ ઉવ.૩૪ રહે-અંજલીનગર રોયલ સીટી સુરભીટ રોડતા.જી.ભુજવાળાની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે અખીલ વિશ્વ ગૌસંવર્ધન પરીષદ દિલ્હીના ગુજરાત રાજ્યના સંગઠન મંત્રી તથા ગૌરક્ષક કમાન્ડો ફોર્સ મોરબી જીલ્લા પ્રમુખ કમલેશભાઈ ભગવાનભાઈ રૂંજાની ફરીયાદ આધારે પકડાયેલ ટ્રક ચાલક આરોપી વિરુદ્ધ પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવાવાના અધિનીયમની જોગવાઈ મુજબ ટંકારા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામા આવ્યો છે. વધુમાં ટંકારા પોલીસ મથક ટીમ દ્વારા પકડાયેલ તમામ અબોલ જીવ(પાડાઓ)ને રાજકોટ પાંજરાપોળ ખાતે જમા કરાવી જીવદયા પ્રત્યેનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# નવયુગ સાયન્સ કોલેજ દ્વારા Food Speciality of Gujarat નું આયોજન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવયુગ સાયન્સ કોલેજ દ્વારા સૌ પ્રથમ વખત ગુજરાતની એક આગવી ઓળખ, ગુજરાત ની વિસરતી વાનગીઓ અને વિસરાતી સંસ્કૃતિ ને જાળવી રાખવા સંસ્થાના પ્રમખ પી. ડી. કાંજીયાસર ની પ્રેરણાથી Food Speciality of Gujarat નું આયોજન ઈ.તભ ના સ્ટુડન્ટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.



જેમાં ગુજરાતના દરેક જિલ્લાની પ્રખ્યાત વાનગીઓ જેવી કે મહુડી ની પ્રખ્યાત સુખડી, અમરેલીનો પ્રખ્યાત દૂધપાક, છોટા ઉદેપુરની પ્રખ્યાત રજવાડી થાળી, કચ્છની પ્રખ્યાત દાબેલી, લુણાવાડા નું પ્રખ્યાત મકાઈનું છીણ, વડોદરાનું પ્રખ્યાત સેવ- ઉસળ, ડાકોર ના પ્રખ્યાત ગોટા.....જેવી અનેક વાનગીઓનું તેના ઓરીજીનલ સ્વાદ સાથે પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સાથે ગુજરાત જેના માટે વખણાય છે તે ફાફડા- જલેબી - ખમણ - ઢોકળા - થેપલાં...તેમજ મગ - લાપસી, ચુરમાંના લાડુ, મોહનથાળ જેવી ગુજરાતી મીઠાઈ પણ રાખવામાં આવી હતી.

જેની અંદર દરેક વાનગીઓ નો ઓરિજિનલ સ્વાદ માણવા મળ્યો હતો.

નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના દરેક વિભાગીય વડા,દરેક વિભાગના શિક્ષકો તેમજ દરેક વિભાગના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા B.sc કોલજના આસિસ્ટન્ટ પ્રોફેસર ઉર્વિશા બગથરીયાએ જહેમત ઉઠાવી હતી.

વિદ્યાર્થીઓના ઉત્સાહ ને વધારવા સંસ્થાના પ્રમુખ પી. ડી. કાંજિયાસર, મેનેજિંગ ટ્રસ્ટી બળદેવસર, કેમ્પસ ડાયરેક્ટર રાવલસર તેમજ B.sc વિભાગના પ્રિન્સિપાલ વોરાસર ઉપસ્થિત રહયા હતાં.

# જામનગરમાં મનપાની ફુડ શાખાએ બાલાજી સ્વીટ, ક્રિષ્ના ગુલાબજાંબુ, રિષભ ગૃહ ઉધોગમાં ચેકીંગ કર્યું



જામનગરમાં મનપાની ફડ શાખાને બાલાજી સ્વીટ, ક્રિષ્ના ગુલાબજાંબુ, રિષભ ગૃહ ઉધોગમાં ચેકીંગ કર્યું હતું. આ દરમ્યાન કુલ ૩૩૮ કીલો વાસી ગુલાબજાંબુ, લાડુ, મેસુબ અને માવો મળી આવતા સ્થળ પર નાશ કરાયો હતો. જામનગર મહાપાલિકાની ફડ શાખા દ્વારા દિગ્જામ સર્કલમાં આવેલી બાલાજી સ્વીટના ગોડાઉનમાં ચેકીંગ કરતા ૭૦ કીલો મોતીચૂરના લાડુ અનહાઈજેનિક સ્થિતિમાં મળી આવતા નાશ કરાયો હતો.જયારે ખોડીયાર કોલોની હિમાલય સોસાયટીમાં ક્રિષ્ના ગુલાબજાંબુ નામની પેઢીમાં તપાસ કરતા ગુલાબજાંબુના પેકીંગ લેબલ વગર સપ્લાય કરતા ૯૦ બોકસ(૪૫ કીલો ગુબાબજાંબુ), ૫૦ કીલો ચાસણીનો નાશ કરાયો હતો. જયારે રામનગરના ઢાળિયા બેડેશ્વરમાં આવેલા રિષભ ગૃહ ઉધોગના ગોડાઉનમાં રૂબરૂ તપાસ કરતા વાસી ખાધ પદાર્થ અને શંકાસ્પદ માવો મળી આવ્યો હતો. આથી ૮ કીલો લાડુ, ૩૫ કીલો મેસુબ, ૧૦૦ કીલો ફ્રીઝ કરેલો વાસી માવાનો નાશ કરાયો હતો. આમ ત્રણ સ્થળો પર ચેકીંગ દરમ્યાન ૩૩૮ કીલોનો વાસી ખાધ પદાર્થનો કિંમત રૂ.૭૬૪૦૦ના જથ્થાનો નાશ કરાયો હતો.

# મોરબીના મહારાણા પ્રતાપ સર્કલ નજીકથી ઍક્સેસ મોપેડ સવાર યુવક બિયરના ચાર ટીન સાથે પકડાયો

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં બી ડિવિઝન પોલીસ વાહન ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન મહારાણા પ્રતાપ સર્કલથી નટરાજ ફાટક તરફ જતા રોડ ઉપરથી સુઝુકી કંપનીનું ઍક્સેસ રજી.નં. જીજે-૩૬-એજી-૭૬૨૭ મોપેડ લઈને નીકળેલ એક શખ્સને રોકી તલાસી લેતા માઉન્ટ-૬૦૦૦ સ્ટ્રોંગ બિયરના ૪ ટીન મળી આવતા ઍક્સેસ ચાલક આરોપી ચેતનભાઈ હર્ષદભાઈ જાંબુકિયા ઉવ.૨૩ રહે.ચોટીલા જુના બસ સ્ટેશન પાસે તા.ચોટીલાવાળાની અટક કરવામાં આવી છે. મોરબી બી ડિવિઝન પોલીસે આરોપી પાસેથી ઍક્સેસ મોપેડ તથા બિયર ટીન ૪ સહિત કુલ કિ.રૂ.૨૦,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસ શરૂ કરી છે.

# પદ્મિનીબાની હેરાનગતીને લીધે ભાવનગર કરણી સેનાના ઉપપ્રમુખે ઝેરી દવા પી લીધી

## ઉપપ્રમુખ રવીરાજસિંહને ખાનગી હોસ્પિટલ ખસેડાયા, પોલીસે નિવેદન પ્રક્રિયા હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભાવનગર કરણી સેનાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહે પોતાના ઘરે ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેઓએ મહિલા ક્ષત્રિય આગેવાન પદ્મીનીબા વાળાએ તેઓની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં મુકી તેઓના સમાજમાં તેને નીચો દેખાડી તેમજ અન્ય ભાવનગરના એક યુવકે તેણે નાણા ન લીધા હોવા છતા નાણા લીધાના આક્ષેપને લીધે પગલુ ભર્યાના આરોપ મુક્યો છે. જેને લઈ પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી અને રવિરાજસિંહનું નિવેદન લીધુ હતુ.જો કે, હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં આવેલી મિલેટ્રી સોસાયટી પાછળ રહેતા મુળ તળાજા તાલુકાના ખદરપર ગામના વતની અને ભાવનગર કરણી સેનાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ મહાવિરસિંહ ગોહિલે ગઈકાલે સવારે પોતાના ઘરે ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેઓને ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો અને કાર્યકરો દોડી આવ્યા હતા.



ઉકત મામલે હોસ્પિટલ બિછાનેથી રવિરાજસિંહે મીડિયા સમક્ષ જણાવ્યુ હતું કે, તેઓના રાજકોટ મહિલા ક્ષત્રિય સમાજના આગેવાન પદ્મીનીબા વાળા સાથે તેઓને ટેલીફોનીક વાતચીત થઈ હતી જે ઓડિયો ક્લિપ ખોટી રીતે સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેઓની સમાજમાં છબી ખરડાઈ તેવુ કામ કર્યુ હતું. મારી માટે મારો સમાજ પહેલો છે. તેઓએ તેને ખોટી રીતે હેરાન પરેશાન કર્યો હતો જ્યારે ભાવનગરના દિગુભા નામના યુવકે પદ્મીનીબાને ફોન કરી તેઓને રવિરાજસિંહ પાસેથી ૧૨ લાખ લેવાના છે. તેમ વાત કરેલ તે ઓડિયો ક્લિપ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી.

# બાબરાના સુખપર ગામે કમોસમી વરસાદ કારણે ખેડૂતોના ઉભા પાકોની નુકસાનીનો સર્વે કરવા મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત



બાબરા તાલુકાના સુખપર, વાંકીયા, લાલકા સહિત ગામોમાં છેલ્લાં આઠ દિવસથી પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉભા પાકને નુકસાનની થયું છે કપાસ મગફળી સહિતના ઉભા પાકને કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટું નુકસાન થવા પામ્યું છે જેથી કરી રાજ્ય સરકાર સમક્ષ બાબરા તાલુકા પંચાયત સદસ્યશ્રી વિનોદભાઈ ઝાપડીયાએ સર્વે કરી ખેડૂતોને સરકાર સહાય કરે તે બાબતે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પત્ર લખી સર્વે કરવા માંગ કરી હતી બાબરા તાલુકાના ગામોમાં ભારે વરસાદના કારણે ખેડૂતોને નુકસાન થવા પામ્યું છે. રીપોર્ટ : આદીલખાન પઠાણ ( બાબરા )

# હળવદના ખેતરડી ગામે વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે એક બુટલેગરને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

મોરબી એલસીબી પોલીસ ટીમે હળવદના ખેતરડી ગામે રેઈડ કરતા આરોપીના રહેણાંક મકાનની પાછળ વાડામાં છુપાવી રાખેલ વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની ૨૪ બોટલ મળી આવી હતી, આ સાથે આરી ઓરોપી શખ્સની અટકાયત કરી વિદેશી દારૂના જથ્થા અંગે સઘન પૂછપરછમાં ખેતરડી ગામના જ એક આરોપીનું નામ ખુલ્યું હતું, જેથી એલસીબી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની કાર્યવાહી અર્થે પકડાયેલ આરોપીને હળવદ પોલીસ મથકમાં સોંપી આપેલ છે. મળતી માહિતી અનુસાર મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમને બાતમી મળેલ કે હળવદ તાલુકાના ખેતરડી ગામે કાશીરામ રણછોડભાઈ દેકાવાડીયા પોતાના રહેણાંક મકાનની પાછળ આવેલ વાડામાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની બાતમી માલ્ટા તુરંત ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા વાડામાંથી વિદેશી દારૂની બે અલગ અલગ બ્રાન્ડની કુલ ૨૪ બોટલ કિ.રૂ.૧૧,૨૦૮/-સાથે આરોપી કાશીરામ રણછોડભાઈ દેકાવાડીયા ઉવ.૩૮ રહે. ખેતરડી ગામવાળાની અટક કરી હતી, અટક કરાયેલ આરોપીએ ઉપરોક્ત વિદેશી દારૂનો જથ્થો ખેતરડી ગામે જ રહેતા કીશનભાઈ મેરાભાઈ દેકાવાડીયા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા તે આરોપીને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે કેસ નોંધાવી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# અમૃત ભારત યોજના હેઠળ વડોદરા રેલવે ડિવિઝન દ્વારા ૧૮ સ્ટેશનોની કાયાપલટ કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વેએ ૧૨૪ રેલ્વે સ્ટેશનોને પુનઃવિકાસ કરવાની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય મુસાફરોને અત્યાધુનિક સુવિધાઓ અને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ પુનઃવિકાસ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળ ના ૩૦ સ્ટેશન, વડોદરા મંડળના ૧૮, રતલામના ૧૯, અમદાવાદ અને ભાવનગર મંડળના ૨૦-૨૦ સ્ટેશન અને રાજકોટ મંડળના ૧૭ સ્ટેશનનો સમાવેશ થાય છે. સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, જેથી મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલવે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે. તે જ દિશામાં વડોદરા મંડળ માં ગુજરાતમાં આવેલા ડાકોર, પ્રતાપનગર અને ગોધરા સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. આ પહેલનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓમાં સુધારો,ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતી વખતે પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.

ડાકોર સ્ટેશનને અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અપગ્રેડેશન કાર્યમાં મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે આધુનિક વેઈટિંગ રૂમ અને રેસ્ટરૂમ, સુધારેલ શૌચાલય અને પીવાના પાણીના કિઓસ્કનો સમાવેશ થાય છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો પણ સમાવેશ થાય છે, જેમ કે કવર્ડ શેડનું બાંધકામ, વધારાના ફૂટ ઓવર બ્રિજ (એફઓબી), વધુ ટ્રેનો અને મુસાફરોને કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવા માટે પ્લેટફોર્મનું અપગ્રેડેશન. સુલભતા સુધારવા માટે એસ્કેલેટરની જોગવાઈ પણ કરવામાં આવી રહી છે. પીક અવર્સ દરમિયાન ભીડનું સંચાલન કરવા માટે વધારાના પ્રવેશ/બહાર નીકળવાના સ્થળોની સ્થાપના કરવામાં આવી હતી. સ્ટેશનની ડિઝાઈનમાં ભીંતચિત્રો અને શિલ્પો સહિત સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા તત્વોનો સમાવેશ થશે. સ્ટેશન પરિસરને બગીચાઓ અને પર્યાવરણને અનુકૂળ જગ્યાઓથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે. ગ્રીન પહેલના ભાગરૂપે સોલાર પેનલ, વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ વગેરે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. વધુમાં, સલામતી અને સુરક્ષા વધારવા માટે, વધુ સારી સીસીટીવી દેખરેખ પણ તૈનાત કરવામાં આવી રહી છે. એક તીર્થ સ્થળ હોવાના કારણે, બહેતર સ્ટેશન




ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ મુલાકાતીઓના અનુભવમાં સુધારો કરશે અને વધુ પ્રવાસનને પ્રોત્સાહિત કરશે. બહેતર કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયોને વેગ આપશે અને રોજગારીની તકો ઊભી કરશે. ડાકોર સ્ટેશનના આધુનિકીકરણના પ્રયાસો પ્રસિદ્ધ રણછોડરાય મંદિરની મુલાકાત લેતા પ્રવાસીઓ, પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે પેસેન્જર-ફ્રેન્ડલી વાતાવરણ બનાવવામાં મદદ કરશે.

પ્રતાપનગર સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ એક આધુનિક, યાત્રી અનુકૂળ રેલવે સ્ટેશન બનાવશે જેમાં અનેક નવી સુવિધાઓ હશે, જેમાં એક નવું સ્ટેશન બિલ્ડીંગ અને પૂરતી પાર્કિંગ જગ્યા, એક સમર્પિત ઓટો પાર્કિંગ વિસ્તાર સહિત. લગભગ ૪૩ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે આ કામ કરવામાં આવી રહ્યું છે.

# શહેરના મુખ્ય માર્ગ પર નડતરરૂપ વધુ ૪૨૪ રેકડી-કેબિન જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ:૧૬/૧૦/૨૦૨૪ થી તારીખ:૨૧/૧૦/૨૦૨૪ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી, કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૫૬ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. રૈયાધાર, જ્યોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ,પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક,ગાયાત્રીનગર,હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૨૪૭ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.જંકશન રોડ,જ્યુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૩૦૦ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ, નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક,ઢેબર રોડ સોરઠીયાવાડી પાસેથી રૂ.૧,૮૧,૩૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

# બ્લોકના લીધે ૨૪ ઓક્ટોબરની પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન રિશેડ્યુલ

નોર્થ ઈસ્ટર્ન રેલવેના ગોરખપુર-ગોંડા સેક્શનમાં એન્જિનિયરિંગના કામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાં થી પસાર થતી પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસનને રિશેડ્યુલ કરવામાં આવી છે. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ, ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ પોરબંદરથી તેના નિર્ધારિત સમય ૧૯.૩૫ કલાકને બદલે ૩ કલાક મોડી એટલે કે ૨૨.૩૫ કલાકે ઉપડશે. રેલવે તંત્ર મુસાફરોને પડી રહેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરે છે. ટ્રેન સંચાલન સંબંધિત વધુ માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# જેતપુર-નવાગઢમાં સ્વચ્છતા સૈનિકો દ્વારા સિવિલ હોસ્પિટલમાં કરાઈ થીમ બેઝ સફાઈ

નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા સ્વચ્છતા હી સેવા અભિયાન તેમજ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણી નિમિત્તે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત હાલ, રાજકોટ ઝોનની વિવિધ નગરપાલિકાઓમાં સઘન સ્વચ્છતા ચાલી રહી છે. આ સાથે સ્વભાવ સ્વચ્છતા તથા સંસ્કાર સ્વચ્છતાથની થીમ સાથે વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. જેતપુર-નવાગઢમાં સિવિલ હોસ્પિટલમાં આજે સ્વચ્છતા સૈનિકો દ્વારા નસ્વચ્છતા હી સેવાથ અભિયાન અંતર્ગત સઘન સ્વચ્છતા ઝુંબેશ યોજવામાં આવી હતી. જેમાં સિવિલ હોસ્પિટલમાં ખૂણેખુણાની સફાઈ કરવામાં આવી હતી અને સમગ્ર સિવિલ પરિસરને ચોખ્ખું ચણાક બનાવવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, ભારત સરકારનું સ્વચ્છતા હી સેવા અભિયાન આગામી ૩૧મી ઓક્ટોબર સુધી ચાલનાર છે.

# રાજકોટ જીલ્લામાં રાત્રે ૧૦થી સવારે ૬ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધઃ ઓનલાઈન ઓર્ડર-વેચાણ અંગે મનાઈ

## શાપર-વેરાવળ તથા મેટોડા GIDC વિસ્તારની ૫૦૦ મીટરની હદમાં ફટાકડા ફોડવાની મનાઈ : અનેક પ્રકારના નિયમો-જાહેરનામુ બહાર પાડતા એડી. કલેક્ટર ચેતન ગાંધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં બટાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫ના કામે તા.૨૩/ ૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ દિવાળીનાં તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વની પ્રદુષણની વિપરીત અસરથી રક્ષણ આપવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. નામદાર સુપ્રિમકોર્ટના હુકમથી આપવામાં આવેલ દિશા નિર્દેશોનો મુળભુત હેતુ ફટાકડાથી પ્રદુષણ અને જાહેર આરોગ્યને થતી હાની રોકવાનો છે. આ હુકમોનું પાલન થાય તે અત્યંત જરૂરી છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવામોં આવ્યા છે., આથી એડીશનલ કલેકટર શ્રી ચેતન ગાંધીએ મળેલ સતા હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે નીચે મુજબના હુકમો ખાસ ચુસ્તપણે પાલન કરવા જાહેરનામું બહાર પાડયું છે.

સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન મુજબ દિવાળીના અને અન્ય તહેવારો દરમ્યાન કટાકડા ફોડવાના સમય દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે.

રાત્રીના ૧૦ થી રાત્રીના ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે નહી.

સીરીઝમાં જોડાયેલા ફટાકડા(ફટાકડાની લુમ) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેંચાણ કરી શકાશે નહી. હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર Petroleum and Explosives Safety Organisation (PESO) દ્વારા અધિકળત બનાવટ વાળા જ ફટાકડા ઉત્પાદન/ વેંચાણ કરી શકાશે.

કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

ઈ-કોમર્સ વેબસાઈટ, ફલીપકાર્ટ, એમેઝોન સહીતની કોઈ પણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી.

નેશનલ હાઈવે-૮(બી) પર આવેલ શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર તથા મેટોડા જી.આઈ.ડી.સી. વિસ્તારની ૫૦૦ મીટરની હદમાં તથા જવલનશીલ



પદાર્થના સંગ્રહના સ્થળથી ૧૦૦ મીટરની હદમાં દારૂખાનુ કે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ.

જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ, ફટાકડા, બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા કે જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા કે આતશબાજી ફોડવા/ સળગાવવા કે કોઈ વ્યકિત ઉપર ફેંકવા નહીં, જાહેરનામું તા. ૨૧ ઓકટોબરથી ૧૬ નવેમ્બર સુધી અમલમાં રહેશે.

# રાજકોટમાં ખેડૂતોના પાક નુકસાનીનો અનોખો વિરોધ

## કોંગ્રેસ કાર્યકરોએ કાળીપાટમાં રસ્તા પર લોકોને રોકી ફાળો ઉઘરાવ્યો

રાજકોટ સહિત રાજ્યભરમાં પડેલા વરસાદને કારણે ખેડૂતોને જે નુકસાન પહોંચ્યું છે તેમાં સરકાર દ્વારા કોઈપણ જાતની સહાય ચૂકવવામાં ન આવતા આજે રાજકોટ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકર્તાઓ દ્વારા કાળીપાટ ખાતે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં ત્યાંથી પસાર થતા વાહનચાલકો પાસેથી ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. જેમાં ઉદ્યોગપતિઓને લોન માફી અને ખેડૂતોને લોલીપોપ એ પ્રકારના સ્લોગન સાથે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ તકે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નિશિથ ખૂંટે જણાવ્યું હતું કે, જ્યાં સુધી સરકાર દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં નહીં આવે ત્યાં સુધી અલગ અલગ જગ્યાએ ફાળો ઉઘરાવવામાં આવશે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે, ભાજપ સરકાર મત માગવા માટે ખેડૂતો અને લોકો પાસે આવે છે. પરંતુ જ્યારે સહાય ચૂકવવાની વાત આવે ત્યારે કોઈ નેતા આગળ આવતું નથી. જોકે, ખેડૂતોને સહાય બાબતે ભાજપના ધારાસભ્ય અને ખેડૂત આગેવાન ગણાતા જયેશ રાદડિયાએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને કરેલી રજૂઆત બદલ તેમને આવકાર્યા હતા. રાજકોટ તાલુકા કોંગ્રેસના પ્રમુખ નિશિથ ખૂંટે જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનાથી રાજ્ય સરકારને અમે રજૂઆત કરીએ છીએ કે, ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે. રાજકોટમાં તાજેતરમાં પડેલા વરસાદને કારણે અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, ત્યારે જગતનો તાત ગણાતો ખેડૂત જે કરોડો લોકોનું પેટ ભરે છે તેને રોવાનો સમય આવ્યો છે. કારણ કે પાકનું મોટું નુકસાન પહોંચ્યું છે અને સરકાર દ્વારા કોઈપણ જાતની સહાય ચૂકવવામાં આવી નથી. નરેન્દ્ર મોદીને ગુજરાતે વડાપ્રધાન પદ સુધી પહોંચાડ્યા ત્યાં ખેડૂતોને કેટલું નુકસાન પહોંચ્યું તે અંગે ભાજપના એકપણ નેતાએ હજુ સુધી નિવેદન આપ્યું નથી. જ્યારે ખેડૂત આગેવાન જયેશ રાદડિયાએ કૃષિ મંત્રીને કરેલી રજૂઆત



બાબતે પૂછવામાં આવતા તેમને જણાવ્યું કે, ગુજરાતમાં એક તો એવો નેતા છે ભાજપનો કે જે ખેડૂતો માટે રજૂઆત કરી શકે છે. જ્યારે કોઠારીયામાં રહેતા ખેડૂત નથુભાઈ રંગાણીએ જણાવ્યું હતું કે, ખેતરમાં મગફળી અને કપાસ વાવ્યું હતું, પરંતુ તેમાં પૂરેપૂરી નુકસાની ગઈ છે. જો સરકાર દ્વારા સહાય આપવામાં આવશે તો આગળ ખેતી થઈ શકશે નહીંતર જમીન પડતર થઈ જશે. મગફળી અને કપાસમાં ૫૦ ટકાથી વધુ નુકસાન પહોંચ્યું છે. મગફળી એવી થઈ ગઈ છે કે અડધા ભાવમાં વેચવી પડે.

# ઉપલેટા ધોરાજી તાલુકાના ૪૩ ગામનાં કડવા પટેલ સમાજનું સ્નેહમિલન યોજાશે, મોટી પાનેલી ગામે બન્ને તાલુકાઓના સમાજના અગેવાનોની મિટીંગ યોજાઈ



ઉપલેટા ધોરાજી તાલુકાના કડવા પટેલ સમાજનું જે છેલ્લા ત્રણ વર્ષથી ભાયાવદર મુકામેથી ચાલુ કરેલ સ્નેહમિલન ગત વર્ષે મોટી મારડ મુકામે યોજેલ હોય ત્યારે ચાલુ સાલ મોટી પાનેલી ગામે આ સ્નેહમિલનનું આયોજન કરવાનું હોય તે બાબતે તારીખ : ૨૦/૧૦/૨૪ ના રોજ મોટી પાનેલી કડવા પટેલ સમાજમાં આ બન્ને તાલુકાના કડવા પટેલ સમાજના આગેવાનોની એક મિટીંગ મળેલ હતી. તેમાં નકકી કરવામાં આવેલ કે ચાલુ સાલ મોટી પાનેલી મુકામે આ આયોજન કરવાનું સ્વર્વાનુમતે નકકી કરેલ છે. તારીખ : ૦૪/૧૧/૨૪ ને સોમવારના રોજ બપોરપછી ૩ વાગ્યેથી ૧૫ વાગ્યા સુધી સ્નેહમિલન યોજી સાથે સમુહભોજનનું આયોજન કરવામાં આવશે. આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ કેઆ બન્ને તાલુકાઓના ગામડાઓમાં રહેતા કડવા પટેલ સમાજના લોકોને અંધશ્રધાથી દૂર રહી બાળકોના ભવિષ્ય માટે શિક્ષણ બાબત તેમજ કુરિવાજો, સમાજમાં છૂટાછેડાના વધતા બનાવો કેવી રીતે અટકાવી શકાય તેમજ જે વ્યસનના દૂષણોથી સમાજના યુવાનો દૂર રહે તે બાબતે સમાજને આવા સ્નેહમિલનનો માધ્યમથી સમાજને એક સાચો રસ્તો મળે તેમજ સમાજ સંગઠીત રહીને ભાયચારાની ભાવના જળવાય રહે તેવા હેતુથી છેલ્લા ત્રણ વર્ષથી આ બન્ને તાલુકાઓના કડવા પટેલ સમાજના ભાઈઓ તથા બહેનોનું સ્નેહમિલન યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં ઉમિયા પરિવાર સમિતી, કડવા પટેલ સોશ્યલ ગ્રુપ, કડવા પટેલ મહિલા મંડળ તેમજ કડવા પટેલ સમાજના રાજકીય, સામાજીક, સહકારી ક્ષેત્રના દરેક લોકો આ સ્નેહમિલનમાં તન મન અને ધનથી સાથ અને સહકાર આપે છે. ચાલુ વર્ષે પણ આ મોટી પાનેલી ગામે યોજનાર આ સ્નેહમિલનમાં સમાજના દાતાંઓ તેમજ સમાજના રેષ્ઠીઓ તને મન, ધનથી સાથ અને સહકાર આપશે. તેમાં દરેક ગામનાં સમાજના આગેવાનો એક થઈ આ સ્નેહમિલનને સફળ બનાવશે.

# ઉનાના તડ ગામે દીવ રોડ પરથી જિલ્લા LCBએ વિદેશી દારૂની બોટલ સાથે શખ્સને ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના તડ ગામે દીવ રોડ પર બાઈક ચાલક દારૂની હેરફેરી કરતો હોવાની બાતમી આધારે કઈઈએ વોચ ગોઠવી હતી. બાઈકને રોકાવી તલાસી લેતાં બાઈકમાં બનાવેલા ચોરખાનામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવતાં એલસીબીએ શખસને મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની જાણ મળતી માહિતી મુજબ ઉનાના કાજરડી ગામે રહેતો વિપુલ ઉર્ફે ટી.ટી. પુંજાભાઈ બાંભણીયા બાઈક નં.જીઉ.૧૧ ઈઈ ૯૭૨૫માં દિવ તરફથી દારૂ લઈ ફેરફેરી કરતો હોવાની ચોક્કસ બાતમી આધારે



જિલ્લા એલ સી બી ટીમના સ્ટાફે તડ ગામે દીવ રોડ પાસે બાઈક રોકાવી હતી. બાઈકની તલાસી લેતાં બાઈકમાં પેટ્રોલની ટાંકી તેમજ સીટ નીચે બનાવેલા ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૦૮ એમ.એલ.ની પ્લાસ્ટીકની કંપની શીલપેક નંગ-૬૬ બોટલો વિદેશી દારૂ મળી આવી હતી.

ઉના કાજરડી બસ સ્ટેશન પાસે રહેતો વિપુલ ઉર્ફે ટી.ટી. પુંજાભાઈ બાંભણીયા તેના કબ્જાનું બાઈક નંબર જીઉ-૧૧-ઈઈ-૯૭૨૫ કબ્જે કરી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આમ ઉના કાજરડી બસ સ્ટેશન પાસે રહેતો વિપુલ ઉર્ફે ટી.ટી. પુંજાભાઈ બાંભણીયા પાસેથી રૂ.૨૩, ૩૦૦નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ઉનાના ના.માંડવી ના ઢોળા પાસે પ્લાસ્ટિકની થેલીમાં વિદેશી દારૂની બોટલો પાંચ સાથે નવાબંદર મરીન પોલીસે આરોપી મોહન કાળું શિયાળ (રહે. ઉમેજ)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માણેકવાડાના ટ્રાવેલ સંચાલક પાસેથી બસ ખરીદી કરી રૂપિયા ૪.૨૫ લાખ નહીં આપી શખ્સે કરી ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**


અમરેલી જિલ્લાના માણેકવાડા ગામના ટ્રાવેલ્સ સંચાલક પાસેથી ગોંડલના મોટા દડવા ગામના એક સક્સે બસ ખરીદી કરી રૂપિયા ૪.૨૫ લાખ નહીં આપી સગાઈ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની જાણવા મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના માણેકવાડા ગામે રહેતા અને ટ્રાવેલ્સનો ધંધો કરતા વિપુલભાઈ વજુભાઈ સાવલિયાએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં મોટા દળવા ગામના નયન પરી પ્રતાપ પરી ગોસ્વામી વિરોધ ફરિયાદ નોંધાવી છે કે અગાઉ આ સકસે લક્ઝરી બસ નંબર જીજે વન વું ૮૬ નંબરની રૂપિયા ૬.૩૦ લાખમાં ખરીદ કરી




હતી આ બસના બાકી નીકળતા રૂપિયા ૪.૨૫ લાખ ટ્રાવેલ સંચાલકને નહીં આપી શકશે છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પીઆઇ જેપી ગોસાઈએ મોટા દળવા ગામના નયન પરી ગોસ્વામી વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે

# રાજકોટમાં વધુ ત્રણ નામચીન શખ્સો પાસાના પિંજરે પુરાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના શાસ્ત્રી મેદાન પાસે લીમડા ચોકમાં ફૂટપાથ પર રહેતો અને મૂળ વાંકાનેર ના રાતીદેવરી ગામનો વતન રાહુલ ઉર્ફે ટકો અશોક વિકાણી નામના સક્ષને ભક્તિનગર પોલીસે અટકાયતમાં લઈ તથા ચુનારાવાડમાં રહેતો હનીફ શાહ ઈબ્રાહીમ શાહ મદાર નમના સક્ષને અટકાયતમાં લઈ આ બંને નામચીન શકશો ના ગુનાહિત ઈતિહાસ ચેક કરતા તેઓ અનેકવાર ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા હોય જેથી તેના પાસા ના કાગડો તૈયાર કરી વળી કચેરીએ મોકલાવવામાં આવતા તેના પર શહેર પોલીસ કમિશનરે મહોર લગાવી દેતા પાછામાં રાહુલને અમદાવાદ જેલ અને પનીર શાહને અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

જ્યારે ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમના પી.એસ.આઈ આર એચ ઝાલા સહિતના સ્ટાફે શહેરમાં અગાઉ વિદેશી દારૂ વેચવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા બુટલેગર જય અતુલ મકવાણા રહે નાણાવટી ચોક નંદનવન આવાસ યોજના ક્વાર્ટર ને દબોચી લઈ પાસાના કાગડો તૈયાર કરી અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજેશ્રી સિનેમા પાસે મોડી રાત્રીના બે જુથ વચ્ચે અથડામણઃ વાહનમાં તોડફોડ



શહેરના ભુપેન્દ્ર રોડ પર રાજેશ્રી સિનેમા નજીક રાત્રીના અગિયારેક વાગ્યે કેટલાક લોકો વચ્ચે માથાકુટ થતાં ટુવ્હીલર અને પ્લાસ્ટીકના કેરબાઓના ઘા થતાં લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં. આ વખતે ભાગવા જતાં બાઈક સ્લીપ થતાં એક સગીર પડી ગયો હતો જેને પોલીસ સ્ટેશને લઈ જઈ પુછતાછ કરી તેના વાલીને સોંપાયો હતો. જાણવા મળ્યા મુજબ કોટક શેરી ૪માં રહેતો સુનિલ મશરૂભાઈ ગમારા અને તેના મિત્રો ગોપાલ, મનોજ, કાર્તિક, પરેશ સહિતના રાતે રાજેશ્રી સિનેમા પાસે બેઠા હતાં ત્યારે સલમાન, શહેજાદ, ભુરો અને એક સગીર બાઈક પર આવ્યા હતાં અને સુનિલ ગમારાને ગાળો ભાંડતા ડખ્ખો થયો હતો. આથી સુનિલ સહિતના આ શખ્સોની પાછળ દોડતાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં એક સગીર બાઈક સહિત પડી ગયો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઈ જતાં એ–ડિવીઝન પોલીસ દોડી ગઈ હતી. સગીરે પોતે ભાગી ગયેલા શખ્સો સાથે આવ્યાનું કહેતાં તેના વાલીને બોલાવી સોંપી દેવાયો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ સુનિલ ગમારાને પાણીના કેરબાનો ધંધો હોઈ તેને સામેવાળા પાસેથી અમુક પૈસા લેવાના બાકી હોઈ તેની ઉઘરાણી મામલે બોલાચાલી બાદ આ ડખ્ખો થયો હતો. જેમાં કેરબાના ઘા કરાયા હતાં. જો કે આ બનાવમાં કોઈને ફરિયાદ કરવી ન હોઈ માત્ર નોંધ કરવામાં આવી હતી. તસ્વીરમાં માથાકુટને પગલે એકઠા થયેલા લોકો, પોલીસ, ઉંધુ વળેલુ વાહન જોઈ શકાય છે.

# જૂનાગઢમાં છરીની અણીએ રૂ.૨૬ લાખની લુંટ ચલાવનાર ગેંગ ઝડપાઈ

## આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી પોલીસ, તમામ મુદ્દામાલ જપ્ત; રાજકોટનો યુવાન આંગડિયા કરવા જૂનાગઢ નાણા લઈ ગયો હતો

**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

જૂનાગઢ શહેરમાં થોડા દિવસ પહેલા ત્રણ શખ્સોએ ૨૬ લાખની લૂંટ ચલાવી પોલીસને પડકાર ફેંક્યો હતો. રાજકોટથી આવેલા અને લાઈટ ડેકોરેશનનો ધંધો કરતા રમજાન ઉઠમના તેના મિત્રો સાથે બહારગામ જવા નીકળ્યો હતો. ત્યારે જૂનાગઢના અયાન ઉર્ફે પાંચિયાએ રમજાન અને તેમના મિત્રોને કેશોદ નજીક જમાડી જૂનાગઢમાં મિત્રો સાથે મળી ૨૬ લાખ રૂપિયાની લૂંટને અંજામ આપ્યો હતો.

જે ઘટનાને પગલે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો. જે બાદ ગણતરીની મિનીટોમાં જ લૂંટની ઘટનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. રમજાન હારુનભાઈ ઉઠમનાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તે પોતાના મિત્ર સાથે બહારગામ જવા નીકળ્યા હતા. ત્યારે કેશોદ બાયપાસ ચોકડી નજીક બપોરના સમયે પહોંચ્યા હતા. એ સમયે ફરિયાદી રમઝાન ઉઠમનાને તેના મિત્રને બિલાલને આરોપી અયાન ઉર્ફે પાંચિયાનો ફોન આવ્યો હતો. જૂનાગઢનો આ પાંચિયો રાજકોટ થી આવેલા રમજાન ઉઠમનાના મિત્રનો મિત્ર હતો. પાંચિયો ફરિયાદી અને તેમના મિત્રોને કેશોદ નજીક આવેલ વછરાજ હોટલમાં જમવા લઈ ગયો હતો. ત્યારબાદ આ તમામ લોકો જુનાગઢ ખાતે આવેલા ગાંધી ચોક પહોંચ્યા હતા. જ્યાં આ બધા સાથે પાંચિયાના મિત્રો પણ હાજર હતા.

ફરિયાદી સાથે આવેલા તેના મિત્ર મયુરસિંહને એક આંગળિયું કરવાનું હોવાથી અયાન ઉર્ફે પાંચિયાએ ફોરવીલ તેની પાછળ હંકારવાનું કહ્યું હતું. ત્યારે ફરિયાદી તેમજ તેના મિત્રએ પાંચિયા અને તેના મિત્રોની મોટર સાયકલની પાછળ પોતાની કાર જવા દીધી હતી. રસ્તામાં પોતાની બાઈક ઉભી રાખી રમજાનને કહેલ કે, આગળ ફોરવીલ નહીં જાય તમે બાઈકમાં બેસી જાવ. તે સમયે ફરિયાદી રમઝાન અયાન ઉર્ફે પાંચિયાની બાઈક પર બેસી આંગણીયા પેઢી તરફ જવા લાગ્યા હતા. ત્યારે રસ્તામાં આરોપી પાસે ફરિયાદીને ઉભા રાખી પાંચીયો અને તેના મિત્રો ત્યાંથી જતા રહેલા હતા. થોડીવારમાં અયાન ઉર્ફે પાંચિયાના મિત્રએ આવી ફરિયાદી રમઝાનની ડોક પર છરી રાખી રોકડ રૂપિયા ભરેલો ૨૬ લાખનો બેગ લઈ બે ઈસમો ફરાર થઈ ગયા હતા.

જેને લઈ ફરિયાદી રમજાને એ



ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૬ લાખ રોકડ રૂપિયાની લૂંટ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં અયાન ઉર્ફે પાંચિયો, રમીન ખાન ઉર્ફે ભાવનગરી, અને સાહિલ દલને ઝડપી પાડ્યા હતા. જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડેલા ત્રણે આરોપીની હાલ પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પકડાયેલ આરોપી અયાન સહિત અન્ય બે આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા છે. ત્યારે ફરીયાદી આ લાખો રૂપિયા ક્યાં હેતુથી લાવ્યા હતા ? કોને આંગળીયા કરવાના હતા ? અને આ લૂંટના ગુનામાં અન્ય કોણ સંડોવાયેલું છે તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જાફરાબાદમાં વાડીમાં રમી રહેલા બાળકને ખેંચી જઈ સિંહણે ફાડી ખાતા ચકચાર

## પરિવાર કપાસ વીણતો હતો ત્યારે ઘટના બનીઃ ત્રણ કલાકની શોધખોળ બાદ બાળકના અવશેષો મળ્યા



જાફરાબાદ તાલુકાના નવી જીકાદરી ગામમાં સિંહણે પાંચ વર્ષના બાળકનો શિકાર કરતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નવી જીકાદરી ગામમાં સોમવારે સાંજના સમયે રામકુભાઈ ધાખડાની વાડીમાં લાલજીભાઈ જોળિયાનો પરિવાર કપાસ વિણતો હતો અને બે બાળકો બાજુમાં રમતા હતા. આ દરમિયાન અહીં અચનાક એક સિંહણ આવી ચડી હતી અને બે બાળકોમાંથી પાંચ વર્ષીય આરુષ લાલજીભાઈ જોળિયાને જબડામાં પકડીને દુર ઢસડી ગઈ હતી. પાંચ વર્ષીય આરુષને સિંહણ જડબામાં પકડીને દુર ઢસડી જતાં સાથે રમતા અન્ય બાળકે બુમાબુમ કરતાં કપાસ વિણત લાલજીભાઈ જોળિયાના પરિવારને જાણ થઈ હતી.જેથી તેમણે તુરંત શોધખોળ હાથ ધરી હતી. જોકે, કપાસના પાકમાં સિંહણ બાળકને લઈને ગાયબ થઈ ગઈ હતી. જેથી લાલજીભાઈ જોળિયાએ તરત વાડી માલિક અને ગ્રામજનોને જાણ કરતાં ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. આ બાદ ગ્રામજનોએ જાફરાબાદ રેન્જ વન વિભાગને જાણ કરતા વનવિભાગના આર.એફ.ઓ. સહિત

# સિવિલ હોસ્પિટલમાં રાજકીય વગના જોરે કર્મચારીઓ દાદાગીરી કરતા હોવાનો આક્ષેપ

## કરાર આધારિત, ફિક્સ પગારદાર કર્મચારીઓની મનમાનીની આરોગ્ય મંત્રીને ગંભીર ફરિયાદઃ ઘરના મકાન હોવા છતાં પણ સરકારી ક્વાર્ટરમાં રહેતા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકીય નેતાઓની ધાક બતાવી કેટલાક કર્મચારીઓ દાદાગીરી કરતા હોવાની ગંભીર ફરિયાદ સાથે હોસ્પિટલના જ કર્મચારીએ આરોગ્ય મંત્રીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવતા કર્મચારીગણમાં સોપો પડી ગયો છે. આ ઘટનાના ઘેરા પડઘા પડતા તબીબી અધિક્ષક દ્વારા તપાસના આદેશ આપી ૧૦ દિવસમાં અહેવાલ આપવા તાકીદ કરવામાં આવી છે.

આ ચકચારી ઘટનાની જાણવા મળતી વિગત મુજબ, હોસ્પિટલમાં ફરજ બજાવતા ૧૪ જેટલા કરાર આધારિત અને ફિક્સ પગારદાર કર્મચારીઓ દ્વારા નામ જોગ ફરિયાદ કરવામાં આવી છે કે, આ કર્મચારીઓ પાસે ઘરના મકાન હોવા છતા સરકારી ક્વાર્ટરમાં રહે છે.

હોસ્પિટલના અનેક કર્મચારી એવા છે કે, તેઓની પાસે રહેવાનો આશરો નથી. સરકારી કવાર્ટર માટે અરજી કરી છે. પરતું કવાર્ટર ખાલી નહી હોવાના કારણે ફરજિયાત ભાડે રહેવું પડે છે.હોસ્પિટલના કેટલાય કર્મચારીઓ તો એવા છે કે પતિ– પત્ની બન્ને પાસે કવાર્ટર છે. આવા કર્મચારીઓ સરકાર સાથે છેતરપીડીં કરી બેનામી સંપતિ ભેગી કરી છે. આથી સરકારી કવાર્ટરમાં રહેતા આવા કર્મચારીઓ પાસેથી ભાડુ વસુલ કરી ક્વાર્ટર ખાલી કરાવવા માંગણી કરવામાં આવી છે.

હોસ્પિટલના આ કર્મચારીઓ રાજકીય નેતાના ડર બતાવી પોતાનું ધાર્યુ કામ કરાવે છે.અને મન પડે ત્યારે હોસ્પિટલમાં નોકરી ઉપર આવે છે. કેટલાક કર્મચારીઓ તો યુનિયનના



નામે અન્ય કર્મચારીઓને દબાવવામાં આવે છે. આ કર્મચારીઓ વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવી છે.આવી ચોંકાવનારી ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદ તબીબી અધિક્ષક સુધી પહોચતા ચાર સભ્યોની એક કમિટી બનાવી ૧૦ દિવસમાં જ રિપોર્ટ આપવા આદેશ કરવામાં આવતા દાદાગીરી કરનાર કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# કાલાવડ રોડ પર સ્વામી.મંદીર સામેનો વર્ષોથી બંધ રસ્તો ખૂલશે

## રાહદારીઓને કોટેચા ચોક સુધી ફરવાની સમસ્યામાંથી મુક્તિ મળશે

મનપા કમિશ્નરે ૨૨થી વધુ સર્કલો નાના કરી ટ્રાફિક નિયંત્રણ હળવું કરવાનો પ્રારંભ કર્યો છે. ત્યારે કાલાવડ રોડ ઉપર આવેલ સ્વામી.મંદિર સામે વર્ષોથી બંધ કરેલ રસ્તો ખોલવાની તૈયારીઓ શરૂ કરી છે. મનપા કમિશનર ડી.પી.દેસાઈએ મુખ્ય માર્ગો પર જગ્યા રોકીને ખડકી દેવાયેલા મોટા સર્કલો તોડી તેના સ્થાને નાના સર્કલો બનાવવાની તૈયારી ઘણા સમય પહેલા શરૂ કરી હતી. અને એજન્સીના સર્વે આધારે ૨૨ સર્કલો નાના કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ૮ સર્કલો તોડવામાં આવી રહ્યા છે. સર્કલો નાના થતા વાહન વ્યવહાર માટે વધુ રસ્તો ખુલ્લો કરવાઅને અમુક રોડ પહોંળા કરવા પણ સર્વે શરૂ કરવામાં આવ્યો છે. અને કાલાવડ રોડ સ્વામી મંદીર પાસે બનાવેલ સર્કલ કારણે રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે લોકોને કોટેચા ચોક સુધી ફરવા જવું પડે છે. અને તેના કારણે ટ્રાફિક થઈ રહ્યો છે. જેથી મંદીર સામેનો વર્ષોથી બંધ રસ્તો અધિકારીઓના અભિપ્રાય અને ટેકનિકલ વિસંગતતાનો અભ્યાસ કર્યા બાદ રસ્તો ખોલવામાં આવશે

# હનીટ્રેપ અને ઘરફોડ ચોરીના ગુનામાં બે શખ્સો પાસામાં ધકેલાયા

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વધુ બે શખ્સને પાસા તળે જેલમાં ધકેલી દીધા છે. ઘરફોડ ચોરી અને હનીટ્રેપ સહિતના ગુનાઓમાં સામેલ બે શખ્સને પાસામાં ધકેલાતાં આજીડેમ પોલીસ અને પીસીબીની ટીમે વોરન્ટ્ બજવણી કરી હતી.શહેરમાં ઘરફોડ ચોરીઓ તથા અન્ય ગેરપ્રવૃતિઓમાં સામેલ હોય તેવા શખ્સોનો ગુનાહિત ઈતિહાસ ચેક કરી પાસાની દરખાસ્ત કરવાની કાર્યવાહી જે તે પોલીસ સ્ટેશન દ્વારા થતી હોય છે. જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજનસિંહ પરમાર, એસીપી વી. જી. પટેલની સુચના અનુસાર આજીડેમ પોલીસે આવી બે દરખાસ્ત મુકી હતી. જેમાં ગોંડલ રોડ ચોકડીએ રાજ કલર લેબ સામે ખુલ્લા પ્લોટમાં રહેતાં મુળ વલસાડના અજય જગદીશભાઈ નાયકા (ઉ.વ.૩૨)ને વડોદરા જેલમાં અને પારેવડી ચોક ભગવતીપરા– ૧૦માં ભાડેથી રહેતાં મુળ વડીયા લાખાપાદરના અરવિંદ ઉર્ફે અનિલ ઉર્ફ ટીકુ આંબાભાઈ ગજેરા (ઉ.વ.૩૯)ને સુરત જેલમાં પાસા તળે ધકેલવા હુકમ થયો છે. અજય. ચોરીઓના ગુનામાં અને અરવિંદ હનીટ્રેપ સહિતના ગુનામાં સંડોવાયો હતો. આજીડેમ પીઆઈ એ. બી. જાડેજા, પીએસઆઈ જે. જી. રાણા, લક્ષ્મણભાઈ મકવાણા, મેરૂભા ઝાલા, એએસઆઈ હારૂનભાઈ ચાનીયા, એએસઆઈ રવિભાઈ વાંક અને પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર. ગોંડલીયા, પીએસઆઈ એમ. જે. હુણ, રાજેશભાઈ દહેકવાલ, ઈન્દ્રસિંહ સિસોદીયા સહિતે વોરન્ટ્ બજવણી કરી હતી.

# શાપર વેરાવળમાં જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં આરોપીઓ નિર્દોષ

## અકસ્માતમાં રિક્ષાના કાચ ફૂટતા તેના રૂપિયા માંગતા ચાર શખ્સોએ માર માર્યાના કેસમાં ધરપકડ થઈ ‘તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર વેરાવળમાં જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં અદાલતે ચાર આરોપીને નિર્દોષ મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શાપર વેરાવળમાં અનિલભાઈ નારણભાઈ મકવાણાની રીક્ષા સાથે જયેશ જીવણ ચુડાસમાએ રીક્ષા અથડાવી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં અનિલભાઈ મકવાણાની રીક્ષામાં નુકશાન પહોંચતા રિક્ષાના કાચના પૈસા માંગ્યા હતા. જેથી આરોપી જયેશ જીવણ ચુડાસમા, ગીરીશ કલ્યાણ મકવાણા, સુરેશભાઈ પોપોટભાઈ સોલંકી અને ગૌતમ ચંદુભાઈ વાળા વેરાવળમાં આવેલ બુધનગર દરગાહની પાસે ફરિયાદીને બોલાવી તારે કાચના પૈસા જોઈએ છે? તને





જીવતો રહેવા દવ તો કાચ અને પૈસા માંગીશને તેમ કહી છરી અને ધોકા– પાઈપ વડે હુમલો કર્યો હતો. અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા સાથે કોર્ટમા પોલીસ દ્વારા ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી. બાદમાં જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ગોંડલ સેશન્સ કોર્ટ આરોપીઓને નિર્દોષ મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગીરીશ જે. વારગીયા, સુરેશ જે. વારગીયા, જુનિયર કિશોર એન. વાઘેલા અને જયેશ કે. ગોહેલ રોકાયા હતા.

# ધ્રોલનાં મોટા વાગુદડ પાસે ટેન્કર ચાલકને હાર્ટ એટેક આવતા મોત



જામનગરમાં ગાંધીનગર નજીક મોમાઈનગર શેરીનં–૫માં ભાડાના મકાનમાં રહેતા જેઠીબેન ઉત્તમચંદ ગોકલાણી (ઉ. વ.૮૦) નામના વૃધ્ધા એકલવાયુ જીવન જીવતા હોય અને તેમનો પુત્ર અમદાવાદ રહ છે. જે વૃધ્ધાએ એકલવાયા જીવન તેમજ વૃધ્ધાવસ્થાના અને બીમારી ના કારણે જિંદગીથી તંગ આવી જઈ રવિવારની રાત્રે પોતાના ઘેરથી નીકળી ગયા હતા, અને તળાવમાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. જામનગર તા ૨૨ જામનગર– રાજકોટ ધોરી માર્ગ પર મોટા વાગુદડ ગામના પાટીયા પાસે ગઈકાલે સાંજે એક ટેન્કર ચાલકને ચાલુ વાહને હાર્ટ એટેક આવી ગયો હતો, અને તેનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે ટેન્કર પણ પલટી મારી ગયું હતું. રાજકોટ જિલ્લાના જેતપુરના વતની ભાભલુભાઈ રામકુભાઈ કપરડા (૫૪ વર્ષ) ગઈકાલે જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ટેન્કર લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ધ્રોળ નજીક વાગુદડ ગામના પાટીયા પાસે ગઈકાલે સાંજે ૬.૧૫ વાગ્યાના અરસામાં તેઓને એકાએક ચાલુ વાહને હાર્ટ એટેક આવી ગયો હતો, અને બેશુદ્ધ બન્યા હતા.જેથી તેઓ ટેન્કરના સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવી ચૂક્યા હતા, અને ટેન્કર પલટી મારી ગયું હતું. ધ્રોળની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ફરજ પરના તબીબે તેનું હાર્ટ ફેઈલ થઈ ગયું હોવાથી મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

# વેપારીને છરીની અણીએ લૂંટવાના ગુનામાં આરોપીને જામીન મુકત કરતી કોર્ટ

## બાઈકચાલક વેપારીને આંતરી ૧૦ હજારની રોકડ અને ડોકયુમેન્ટની લૂંટ કર્યાની ફરિયાદમાં ધરપકડ થઈ થતી





મવડી રોડ રેલવે ઓવરબ્રિજ પાસે ઓટોપાર્ટસ વેપારીને છરી દેખાડી રૂ.૧૦ હજારની લુંટના ગુનામાં જેલ હવાલે થયેલા આરોપીની જામીન અરજી અદાલત દ્વારા મંજુર કરવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ, કાનજી વલ્લભભાઈ હુમર (રહે. ન્યુ માયાણી નગર શેરી નંબર ૨, રાજકોટ) વહેલી સવારે પોણા પાંચ વાગ્યાના અરસામાં હળવદ જવા માટે બાઈકમાં બસ સ્ટેન્ડે જતાં હતા ત્યારે આનંદ બંગલા ચોકથી મવડી બ્રિજ ચડતા એક સ્પ્લેન્ડર મોટર સાયકલમાં આવેલ ત્રણ ઈસમોએ ઘડિયાળમાં સમય પૂછવાને બહાને બાઈક રોકાવી બાઈકની ચાવી બંધ કરી દેતાં કાનજીભાઈને શંકા જતા તેમણે તરત પોતાનું મોટરસાયકલ ભગાવ્યું હતું, પરંતુ ત્રણે શખસોએ આંતરી લઈને, કાનજીભાઈને છરી બતાવી તેમના ખીચામાં રહેલ રૂપિયા ૧૦ હજાર રોકડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ સહિતના પાકીટની લૂંટ ચલાવીને ભાગી છુટ્યા હતા. જે અંગેની વિગતવાર ફરિયાદ નોંધાવાતા માલવિયા નગર પોલીસ સ્ટેશનના નના સ્ટાફ દ્વારા ત્રણ આરોપીઓની અટક કરવામાં આવ્યા બાદ ધોરણસર ની કાર્યવાહી પછી જેલ હવાલે થયા હતા. ત્યારબાદ આ કામે ચાર્જશીટ થઈ જતા આરોપી રમીજ ઈમરાનભાઈ જેસડીયા (રહે. રાજકોટ)એ પોતાના એડવોકેટ મારફત જામીન મુકત્ત થવા રાજકોટ કોર્ટમાં અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટે કરેલ દલીલ તેમજ હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કામે આરોપીઓ વતી યુવા એડવોકેટ સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીત એમ. પટગીર, નીમેશ જાદવ, દયા કે છાયાણી રોકાયા હતા.

# કુચિયાદળ ગામે પ્લાસ્ટિકના કારખાનાના મશીનમાં આવી જતા ૨૪ વર્ષિય યુવકનું મોત

## ગઈકાલે સાંજે કારખાનામાં કામ કરતી વખતે મશીનમાં હાથ આવી જતા શરીરે ગંભીર ઈજાઓ થતાં યુવકે સારવારમાં દમ તોડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના કુચિયાદળ ગામમાં આવેલ પ્લાસ્ટિકના કારખાનાનામાં કામ કરતો અને ત્યાજ ઓરડીમાં રહેતો ૨૪ વર્ષિય છૂટુ નામદેવ નામનો યુવક કારખાનામાં કામ કરતી વખતે મશીનમાં આવી જતા ગંભીર ઈજાઓ થતાં સારવારમાં દમ તોડી દિધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટનાં કુચિયાદળ ગામમાં આવેલ સફર પોલી ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ નામનાં પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરતો અને ત્યાજ કારખાનાની ઓરડીમાં રહેતો છૂટુ મહેશભાઈ નામદેવ (ઉ. વ.૨૪) નામનો યુવક ગઈકાલ સાંજના પોણા સાત વાગ્યાની આસપાસ કારખાનાંમાં કામ કરતો હતો.ત્યારે ચાલુ મશીનમાં હાથ આવી જતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાદ તાકીદે તેને સારવાર અર્થે સિનર્જી હોસ્પિટલ રાજકોટ ખાતે બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી. મૃત્યુ



પામનાર યુવક મૂળ મધ્યપ્રદેશનો વતની હતો. અને કુચિયાદળ ગામે આવેલ પ્લાસ્ટીકના કારખાનાંમાં મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરતાં તુરંત એરપોર્ટ પોલીસ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. અને મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# જસદણમાં ભાણેજે મામાનો ૨૦૦ વારનો પ્લોટ પચાવી લેતા ફરિયાદ

## અમદાવાદ રહેતાં ભાણેજ રમેશ ચૌહાણ વિરૂદ્ધ જસદણ પોલીસ મથકમાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો, ગોંડલ ડીવાયએસપીએ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતાં નિવૃત કર્મીએ જસદણમાં આવેલો પ્લોટ તેમની બહેનને રહેવા માટે આપેલો, જે બાદ ભાણેજે ગેરકાયદેસર ઓરડીઓ ચણી ભાડે આપી કબ્જો કરી લેતાં જસદણ પોલીસ મથકમાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જે અંગે ગોંડલ ડીવાયએસપીએ તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે હાલ રાજકોટમાં અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતાં મૂળ જસદણના વતની દેવજીભાઈ હીરાભાઈ પરમાર (ઉ.વ.૬૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રમેશ કરશન ચૌહાણ (રહે. ગૌતમ નગર ચાર રસ્તા, અમદાવાદ) નું નામ આપતાં જસદણ પોલીસે લેન્ડગ્રેબિંગ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અગાઉ બી.એસ.એન.એલ.માં સબ ડીવીઝનલ એન્જીનીયર તરીકે નોકરી કરતાં હતાં. હાલ તેઓ નિવુત જીવન ગાળે છે. તેઓને સંતાનમાં બે દીકરા તથા બે દીકરીઓ છે. તેમની પાસે જસદણ ગામના સર્વે નં ૧૧૯૪ ની હે.આરે.ચો.મી. ૦–૨૬–૩૦ ની ખેતીની જમીન લાખાભાઈ પરમાર, જયંતિભાઈ પરમાર, મગનભાઈ માણસુરભાઈ પરમારના સંયુકત ખાતામાં આવેલ છે.જે જમીન ઓછી હોય જેથી ખેતીકામ કરતા ના હતા અને જમીનમાં પ્લોટિંગ પાડેલ જેમાં કુલ ૨૦ પ્લોટ પાડેલ હતા. જેમાં પ્લોટ નં.૧૪ નો તેઓએ તેમની બહેન ડાહીબેન કરશનભાઈ ચૌહાણને રહેવા માટે આપેલ હતો. ત્યારબાદ ભાણેજ રમેશ ચૌહાણ પણ ત્યા રહેવા આવેલ હતો. વર્ષ ૨૦૧૯ માં તેઓના જસદણ રહેતાં ભાઈઓએ જણાવેલ કે, આપણા ભાણેજ રમેશ ચૌહાણએ પ્લોટ નં–૧૫ માં કબ્જો કરી લીધેલ છે. જેથી તેઓ જસદણ આવેલ હતા. તેઓને પ્લોટ ખાલી કરવા માટે કહેલ હતુ. ત્યારે રમેશે તેઓ અને તેમના ભાઈઓને ગાળો આપેલ અને મારી નાખવાની ધમકી આપેલ હતી. ત્યારબાદ અવાર નવાર કહેવા છતા આરોપીએ પ્લોટ નં–૧૫ જે ખુલ્લો હતો.તેમાં બાંધકામ કરીને બે ઓરડી બનાવેલ અને અન્ય લોકોને ભાડેથી



આપી દીધેલ અને ભાડુ પણ લેવાં લાગ્યો હતો. જે બાદ તેઓએ કલેકટરમાં અરજી આપતાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ફરીયાદ નોંધવાનો હુકમ થતાં આરોપીએ રૂ.૪.૧૭ લાખનો પચાવી પાડયાની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાએ તપાસ હાથ ધરી હતી.